સંગ્રામ સાગર જળોદર, બંધનોથી-
પેદા થએલ ભય, તે ઝટ નાશ પામે !
ત્હારૂં કરે સ્તવન આ, મતીમાન પાઠે ! ૪૭
આ સ્તોત્ર માળ તુજના ગુણથી ગુંથી મેં,
ભક્તિ થકી વિવિધ વર્ણ રૂપીજ પુષ્પે;
તેને જિનેંદ્ર ! જન જે નિત કંઠ નામે,
તે માન તુંગ અવશા સુભ લક્ષ્મી પામે, ૪૮

ભાગ બીજો

"સ્તવન સંગ્રહ."

શ્રી ઋષભદેવ સ્વામીનાં સ્તવનો.

(૧)

પ્રથમ જિનેશ્વર પ્રણમીએ, જાસ સુગંધી રે કાય;
કલ્પવૃક્ષપરે તાસ, ઈંદ્રાણિ નયન જે,
ભૃંગપરે લપટાય. ૧

રોગ ઉરોગ તુજ નવિ નડે, અમૃત જે આસ્વાદ;
તેહથી પ્રતીહત તેહ, માનું કોઈ નવિ કરે,
જગમાં તુમ શું રે વાદ. ૨

વગર ધોઈ તુજ નિરમળી, કાયા કંચનવાન;
નહિ પ્રસ્વેદ લગાર, તારે તું તેહને,
જે ધરે તાહરૂં ધ્યાન. ૩

રાગ ગયો તુજ મન થકી, તેહમાં ચિત્ર ન કોઈ;
રૂધિર અમિષથી રોગ ગયો, તુજ જનમથી,
દૂધ સહોદર હોય. ૪

શ્વાસોશ્વાસ કમળ સમો, તુજ લોકોત્તર વાદ;
દેખે ન આહાર નિહાર, ચરમ ચક્ષુ ધણી,
એહવા તુજ અવદાત. ૫

ચાર અતિશય મૂળથી, ઓગણીશ દેવના કીધ;
કર્મ ખપ્યાંથી અગ્યાર, ચોત્રીશ એમ અતિશયા,
સમવાયાંગે પ્રસિદ્ધ. ૬
જીન ઉત્તમ ગુણ ગાવતાં, ગુણ આવે નિજ અંગ;
પદ્મવિજય કહે, એહ સમય પ્રભુ પાળજો,
જેમ થાઉં અક્ષય અભંગ. ૭

---

(૨)

ઋષભ જિણંદ શું પ્રીતડિ, કીમ કીજે હો કહો ચતુર વિચાર;
પ્રભુજી જઇ અળગા વશ્યા, તિહાં કિણનવિ હો કોઇ વચન-
ઉચ્ચાર. ઋષભ૦ ૧
કાગળ પણ પહોંચે નહિ, નવિ પહોંચે હો તિહાં કો પરધાન;
જે પહોંચે તે તુમ સમો, નવિ ભાંખે હો કોઈનું-
વ્યવધાન. ઋષભ૦ ૨
પ્રીતિ કરે તે રાગીયા, જીનવરજી હો તુમે તો વીતરાગ;
પ્રીતડી જેહ અરાગીથી, ભેળવવી હો તે લોકોત્તર-
માર્ગ. ઋષભ૦ ૩
પ્રીતિ અનાદિની વિષભરી, તે રીતે હો કરવા મુજભાવ;
કરવી નિર્વિષ પ્રીતડિ, કિણ ભાંતે હો કહો બને-
બનાવ. ઋષભ૦ ૪
પ્રીતિ અનંતી પર થકી, જે તોડે હો તે જોડે એહ;
પરમ પુરૂષથી રાગતા, એકત્વતા હો દાખી ગુણ-
ગેહ. ઋષભ૦ ૫
પ્રભુજીને અવલંબતાં, નિજ પ્રભુતા હો પ્રગટે ગુણ રાશ;
દેવચંદ્રની સેવના, આપે મુજ હો અવિચલ-
સુખવાસ. ઋષભ૦ ૬

(૩)

બાળપણે આપણ સસનેહી, રમતા નવ નવા વેશે,
આજ તમે પામ્યા પ્રભુતાઈ, અમે તો સંસાર નિવેશે;
હો પ્રભુજી, ઓલંભડે મત ખીજો. ૧

જો તુમ ધ્યાતા શિવ સુખ લહીએ, તો તુમને કેઇ ધ્યાવે;
પણ ભવ સ્થિતિ પરિપાક થયા વિણુ, કોઇ ન મુકતે જાવે.
હો પ્રભુજી૦ ૨

સિદ્ધ નિવાસ લહે ભવ સિદ્ધિ, તેહમાં શો પાડ તુમારો ?
તો ઉપકાર તુમારો વહીએ, અભવ્ય સિદ્ધને તારો.
હો પ્રભુજી૦ ૩

નાણ રયણ પામી એકાંતે, થઈ બેઠા મેવાશી.
તેહ માંહેલો એક અંશ જો આપો, તે વાતે શાબાશી.
હો પ્રભુજી૦ ૪

અક્ષયપદ દેતાં ભજિનનને, સંકીર્ણતા નવિ થાયે;
શિવપદ દેવા જો સમરથ છો તો, જશ લેતાં શું જાયે ?
હો પ્રભુ. ૫

સેવા ગુણ રંજ્યો ભવિજનને, જો તુમે કરો વડભાગી;
તો તુમે સ્વામી કેમ કહેવાશો, નીરમમને નિરાગી ?
હો પ્રભુ. ૬

નાભિનંદન જગવંદન પ્યારો, જગગુરુ જગહીતકારી;
રૂપ વિબુધનો મોહન પભણે, વૃષભલંછન બલિહારી—
હો. પ્રભુ. ૭

(૪)

ઋષભ જીનેશ્વર પ્રીતમ માહરોરે, ઓરન ચાહું રે કંત;
રીઝયો સાહેબ સંગન પરિહરે, ભાંગે સાદિ અનંત.
ઋષભ૦ ૧

પ્રીત સગાઈ રે જગમાં સહુ કરેરે, પ્રીત સગાઇ ન કોય;
પ્રીત સગાઈરે નિરૂપાધિક કહીરે, સોપાધિક ધન ખોય.
ઋષભ૦ ૨

કોઈ કંથકારણ કાષ્ટભક્ષણ કરેરે, મિલશું કંથને ધાય;
એ મેળો નવિ કહીએ સંભવેરે, મેળો ઠામ ન ઠાય.
ઋષભ૦ ૩

કોઈ પતિરંજન અતિઘણું તપ કરેરે, પતિ રંજન તન તાપ;
એ પતિરંજન મેં નવિ ચિત્તધર્યુંરે, રંજન ધાતુ મિલાપ.
ઋષભ૦ ૪

કોઈ કહે લીલા રે અલખ અલખ તણીરે, લખ પૂરે મન આશ:
દોષ રહિતને લીલા નવિ ઘટેરે, લિલા દોષ વિલાસ.
ઋષભ૦ ૫

ચિત્તપ્રસન્ને રે પૂજન ફળ કહ્યુંરે, પૂજ અખંડિત એહ;
કપટ રહિત થઈ આતમ અરપણોરે, આનંદઘન પદ રેહ.
ઋષભ૦ ૬

અજીતનાથ સ્વામીનાં સ્તવનો.

પંથડો નિહાળું રે બીજા જીન તણોરે, અજિત અજિતગુણધામ
જે તેં જીત્યારે તેને હું જીતીયો, પુરૂષ કિશ્યુ મુજ નામ.
પંથડો૦ ૧

ચરમ નયણુ કરી મારગ જોવતોરે, ભુલ્યો સયલ સંસાર;
જેણે નયણે કરી મારગ જોઈઓરે, નયણ તે દીવ્ય વીચાર.
પંથડો૦ ૨

પુરૂષ પરંપર અનુભવ જોવતાંરે, અંધો અંધપુલાય;
વસ્તુ વીચારે રે જો આગમે કરીરે, ચરણુ ધરણુ નહિ ઠાય.
પંથડો૦ ૩

તર્ક વીચારેરે વાદ પરંપરારે, પાર ન પહોંચે કોય;
અભિમતે વસ્તુ વસ્તુ ગતે કહેરે, તે વિરલા જગ જોય.
પંથડો૦ ૪

વસ્તુ વિચારે રે દિવ્ય નયણ તણોરે, વિરહ પડયો નિરધાર;
તરતમ જોગેરે તરતમ વાસનારે, વાસિત બોધ આધાર.
પથડો૦ ૫

કાળલબ્ધિ લહી પંથ નિહાળશુંરે, એ આશા અવલંબ;
એ જન જીવેરે જિનજી જાણેજોરે, આનંદઘન મત અંબ.
પંથડો૦ ૬

(૨)

અજિત જીણંદશું પ્રિતડિ, મુજ ન ગમે હો બીજાનો સંગકે;
માલતી ફુલે મોહીયો, કિમ બેસે હો બાવળ તરૂ ભૃંગ કે.
અજિત૦ ૧

ગંગાજળમાં જે રમ્યા, કિમ છિલ્લર હો રતિ પામે મરાલ કે;
સરોવર જળધર જળ વિના, નવિ ચાહે હો જગચાતકબાળ કે.
અજિત૦ ૨

કોકિલ કલ કુજીત કરે, પામી મંજરી હો પંજરી સહકાર કે;
ઓછાં તરૂવર નવિ ગમે, ગિરૂઆશું હો હોયે ગુણનો પ્યાર કે.
અજિત૦ ૩

કમલિની દિનકર કરગ્રહે, વળી કુમુદિની હો ધરે ચંદ્રશું પ્રીત કે;
ગૌરી ગીરીશ ગિરિધર વિના, નવિ ચાહે હો કમળાનિજચિત્તકે.
અજિત૦ ૪
તિમ પ્રભુ શું મુજ મન રમ્યું, બીજા શું હો નવિ આવે દાયકે,
શ્રી નયવિજય વિબુધ તણો, વાચક યશ હો નિત નિત ગુણ
ગાય કે; અજિત૦ ૫

---

(૩)

પ્રીતલડી બંધાણીરે, અજિત જીણંદ શું;
પ્રભુ પાખે ક્ષણ એક મને ન સુહાયજો.
ધ્યાનની તાળી રે લાગી નેહ શું;
જલદ ઘટા જેમ શિવસુત વાહન દાયજો–પ્રીતલડી૦ ૧
નેહઘેલું મન મ્હારૂં રે પ્રભુ અળજે રહે;
તન મન ધન તે કારણથી પ્રભુ મુજ જો.
મ્હારે તો આધાર રે સાહેબ રાવળો;
અંતરગતની પ્રભુ આગળ કહું ગુજજો--પ્રીતલડી૦ ૨
સાહેબ તે સાચો રે જગમાં જાણીએ;
સેવકના જે સ્હેજે સુધારે કાજજો.
એહવા રે આ ચરણે કેમ કરી રહું;
બિરૂદ તુમારૂં તારણ તરણ જહાજજો--પ્રીતલડી૦ ૩
તારકતા તુજ માંહે રે શ્રવણે સાંભરી;
તે ભણી હું આવ્યો છું દીનદયાળ જો.
તુજ કરૂણાની લહેરે મુજ કારજ સરે;
શું ઘણું કહીએ જાણ આગળ કૃપાળજો--પ્રીતલડી૦ ૪

કરૂણાધિક કીધીરે સેવક ઉપરે;
ભવભય ભાવઠ ભાંગી ભક્તિ પ્રસંન્ન જો.
મનવાંછીત ફળીયારે પ્રભુ આલંબને;
કરજોડીને મોહન કહે મન રંગજો--પ્રીતલડી૦ ૫

શ્રી સંભવનાથનું સ્તવન.

સંભવ જિનવર વિનતિ, અવધારો ગુણ જ્ઞાતારે;
ખામી નહિ મુજ ખીજમતે, કદિય હોશો ફળ દાતારે.
સંભવ૦ ૧

કરજોડી ઉભો રહું, રાત દિવસ તુમ ધ્યાનો રે;
જો મનમાં આણો નહિ; તો શું કહીએ છાનો રે.
સંભવ૦ ૨

ખોટ ખજાને કો નહિ, દીજે વંછીત દાનો રે;
કરૂણા નજર પ્રભુજી તણી, વાધે સેવક વાનો રે.
સંભવ૦ ૩

કાલલબધિ મુજ મતિ ગણો, ભાવ લબધિ તુજ હાથે રે;
લડથડતું પણ ગજ બચું, ગાજે ગયવર સાથે રે.
સંભવ૦ ૪

દેશો તો તુમહિ ભલું, બીજા તો નવિ જાચું રે;
વાચક યશ કહે સાંઈ શું, ફળશે એ મુજ સાચું રે.
સંભવ૦ ૫

" શ્રી અભિનંદન સ્વામીનું સ્તવન. "

અભિનંદન જિન ! દરિસણ તરસીએ, દરિસણ દુર્લભ દેવ;
મત મત ભેદેરે એ જઈ પુછીએ, સા થાપે અહમેવ.
અભિનંદન૦ ૧

સામાન્યે કરી દરિસણ દોહિલું, નિરણય સકલ વિશેષ;
મદમેં ઘેર્યોરે અંધો કેમ કરે ! રવિ શશિ રૂપ વિલેખ.
અભિનંદન૦ ૨

હેતુ વિવાદે હો ચિત્ત ધરી જોઇએ, અતિ દુરગમ નયવાદ;
આગમવાદે હો ગુરૂગમ કો નહિ, એ સબલો વિષવાદ.
અભિનંદન૦ ૩

ઘાતી ડુંગર આડા અતિ ઘણા, તુજ દરિસણ જગનાથ;
ધીઠાઈ કરી મારગ સંચરૂં, સેગું કોઈ ન સાથ.
અભિનંદન૦ ૪

દરિસણ દરિસણ રટતો જો ફિરૂં. તો રણરોઝ સમાન;
જેહને પિપાસા હો અમૃત પાનની, કેમ ભાંજે વિષપાન.
અભિનંદન૦ ૫

તરસ ન આવે હો મરણ જીવન તણો, સીઝે જો દરિસણ કાજ;
દરિસણ દૂર્લભ સુલભ કૃપાથકી, આનંદઘન મહારાજ.
અભિનંદન૦ ૬

શ્રી સુમતિનાથ સ્વામીનું સ્તવન.

પ્રભુજી ભવથી તારો રે, તુંછે નાથ મારો રે;
કાલ અનંતા ભમતો ભમતો, આવ્યો તારી પાસરે;
સમકીત સુખડી લેવા કાજે, અરજ કરે છે દાસ--પ્રભુજી૦ ૧
દેવ અનેરા તુમથી છોટા, તુંછે જગતનો નાથ રે;
તું શરણાંગત સાહેબ મ્હોટો, શીવપુરનો છે સાથ--પ્રભુજી૦ ૨

તુજ નામે ભય સઘળા નાસે, તુજ નામે જયકારો રે;
તુજ નામે મનવાંછીત થાયે, તુજ નામે ભવપારો--પ્રભુજી૦ ૩

સુમતિ નાથ છે નામ તુમારૂં, કૌંચલંછન પ્રભુ પાય રે;
સમેત શીખર જઇ આણસણ કીધા, મુક્તિ ગયા મહારાય.
પ્રભુજી૦ ૪

સેવક સિદ્ધિ વીનતી કરે છે, આવા ગમન નિવારો રે;
કરજોડીને પાય પડું છું, તું મુજને આધારો--પ્રભુજી૦ ૫

શ્રી પદ્મપ્રભુ સ્વામીનું સ્તવન.

પદ્મપ્રભ જિન જઇ અલગા રહ્યા, જિહાંથી નાવે લેખોજી;
કાગળને મસિ તિહાં નવિ સંપજે, ન ચલે વાટ વિશેષોજી.
સુગુણ સનેહારે કદીય ન વિસરે૦ ૧

ઇહાંથી તિહા જઇ કોઇ આવે નહિ, જેહ કહે સંદેશોજી;
જેહનું મિલવું રે દોહિલું તેહ શું, નેહ તે આપ કિલેશોજી.
સુગુણ સનેહારે કદીય ન વિસરે૦ ૨

વીતરાગશું રે રાગ તે એક પખો, કિજે કવણ પ્રકારોજી;
ઘોડો દોડેરે સાહિબવાજમાં, મન નાણે અસવારોજી.
સુગુણ સનેહારે કદીય ન વિસરે૦ ૩

સાચી ભકિતરે ભાવન રસ કહ્યો, રસ હોય તીંહા દોય રીઝેજી;
હોડા હોડેરે બિહું રસ રીઝથી, મનના મનોરથ સીઝેજી.
સુગુણ સનેહારે કદીય ન વિસરે૦ ૪

પણ ગુણવંતારે ગોઠે ગાજીએ, મ્હોટા તે વિશ્રામજી;
વાચકયશ કહે એહજ આશરે, સુખ લહું ઠામો ઠામજી.
સુગુણ સનેહારે કદીય ન વિસરે૦ ૫

શ્રી સુપાર્શ્વનાથ સ્વામીનું સ્તવન.

અરજ સુપાર્શ્વ પ્રભુ અવધાર, નથી કોઈનો જગમાં આધાર;
કરી કરૂણા ભવસાગર તાર, અરજ સુપાર્શ્વ પ્રભુ અવધાર. ૧
ચાર ગતિનાં ચક્ર ભ્રમણમાં, ભટકયો વારંવાર,
તો પણ પત્તો કાંઇ ન લાગ્યો, કરો ગરીબની વ્હાર--અ૦ ૨
જીવદયા પ્રતિપાળ જીનેશ્વર, બીરૂદ ધરાવો સાર;
તો કેમ કરૂણા ન કરો સ્વામી, હું રઝર્યો સંસાર--અ૦ ૩
અવીનાશી અકલંક સ્વરૂપી, અજર અમરપદ ધાર;
નિરાકાર નિરંજન જ્યોતી, આલંબન આધાર--અ૦ ૪
પદ કજ મન મધુકર થઇ સેવે, સાંકળચદ સવાર;
જૈન સભા કરજોડી માગે, તાર તાર પ્રભુ તાર--અ૦ ૫

શ્રી ચંદ્રપ્રભુ સ્વામીનું સ્તવન.

જીનજી ચંદ્રપ્રભુ અવધારો કે નાથ નીહાળજોરે લોલ;
કે બમણી બીરૂદ ગરીબનીવાજ, કે મુજને રાખજોરે લોલ૦ ૧
હરખે હું તુમ શરણે આયો કે, મુજને રાખજોરે લોલ,
ચોરટા ચાર ચૂંગલ જે ભુંડા, તે દુરે નાખજોરે લોલ- ૩

પ્રભુજી પંચતણી પ્રશંસાકે, રૂડી સ્થાપજોરે લોલ,
મોહન મહેર કરીને દરિશન, મુજને આપજોરે લોલ; ૩

તારક તુમ પાલવ મેં ઝાલ્યો કે, હવે મુને તારજોરે લોલ,
કુતરી કુમતિ થઇ છે કેડે કે, તેહને વારજોરે લોલ. ૪

સુંદરી સુમતિ સોહાગણ સારી કે, પ્યારી છે ઘણીરે લોલ
તાતજી તે વિણ જીવે ચઉદ, ભુવન કર્યું આંગણુંરે લોલ ૫

લખગુણ લખમણા રાણીના જાયા કે, મુજ મન આવજોરે લોલ
અનુપમ અનુભવ અમૃત મીઠી કે સુખડી લાવજોરે લોલ. ૬

દીપતી દોઢસો ધનુષ પ્રમાણ કે, પ્રભુજીની દેહડીરે લોલ,
દેવની દશપુરવ લખમાન કે, આયુષ્ય વેલડીરે લોલ. ૭

નીર્ગુણ નીરાગી પણ હું રાગી કે, મનમાંહે લહ્યો રે લોલ,
શુભગુરુ સુમતિ વિજય પસાયકે, રામે સુખ લહ્યોરે લોલ. ૮

શ્રી સુવિધિજિન સ્તવન.

મેં કીનો નાંહિ તો બીન ઓર શું રાગ.
દિન દિન વાન વધે ગુન તેરો, જ્યું કંચન પરભાગ;
ઔરનમેં હે કષાયકી કલીયાં, સો કયું સેવાલાગ.
મેં કીનો૦ ૧

રાજહંસ તું જ્ઞાન સરોવર, ઓર અશુચિ કાગ,
વિષય ભુજંગ ગરૂડ તું કહીએ, ઔર વિષય વિષનાગ.
મેં કીનો૦ ૨

ઔર દેવજલ છિલ્લર સરિખે, તું તો શમુદ્ર અથાગ,
તું સુરતરૂ જનવાંછિત પૂરણ, ઔર તો સુકા સાગ.
મેં કીનો૦ ૩

તું પુરુષોત્તમ તું નિરંજન, તું શંકર વડભાગ,
તું બ્રહ્મા તું બુદ્ધિ મહાબળ, તુંજ દેવ વિતરાગ.
મેં કીનો૦ ૪

સુવિધિ નાથ તુજ ગુન ફુલનકો, મેરો દિલ હે બાગ;
જસ કહે ભ્રમર રસિક હોય તાકો, દીજે ભકિત પરાગ.
મેં કીનો૦ ૫

શ્રી શીતલનાથ સ્વામિનું સ્તવન.

શ્રી શીતલજન ભેટીએ, કરી ચોખ્ખું ભકતે ચીત્ત હો,
તેહથી કહો છાનું કિશ્યું, જેહને સોંપ્યા તનમન વિત્ત હો
શ્રી૦ ૧

દાયક નામે છે ઘણા, પણ તું સાયર ને કૂપ હો;
તે બહુ ખજુવા તગતગે, તું દિનકર તેજસરૂપ હો શ્રી૦ ૨

મ્હોટો જાણી આદર્યો, દારિદ્ર ભાંજો જગતાત હો,
તું કરૂણાવંત શિરોમણી, હું કરૂણાપાત્ર વિખ્યાત. હો
શ્રી૦ ૩

અંતરજામી સવિ લહો, અમ મનની જે છે વાત હો;
મા આગળ મોસાળના, શ્યા વર્ણવવા અવદાત હો
શ્રી૦ ૪

જાણો તો તાણો કિશ્યું ? સેવા ફળ દીજે દેવ હો;
વાચકયશ કહે ઢીલની, એ ન ગમે મુજ મન ટેવ હો.
શ્રી ૫

"શ્રી શ્રેયાંસનાથ સ્વામીનું સ્તવન.

(૧૬)

તુમે બહુ મિત્રી રે સાહેબા, મ્હારે તો મન એક
તુમ વિણ બીજોરે નવિ ગમે, એ જુઝ મ્હોટી રે—ટેક૦
શ્રી શ્રેયાંસ ! કૃપા કરો. (૧)
મન રાખો તુમે સવિતણાં, પણ કિંહા એક મલી જાઓ,
લલચાવો લખ લોકને, સાથી સહેજ ન થાઓ. શ્રી૦ ૨
રાગ ભરે જન મન રહો, પણ તિહું કાલ વૈરાગ;
ચિત્ત તુમારા રે સમુદ્રનો, કોઈ ન પામે રે તાગ. શ્રી૦ ૩
એહવા શું મન મેળવ્યું, કેળવ્યું પહેલાં ન કાંઈ,
સેવક નિપટ અબુઝ છે, નિર્વહેશો તુમે સાંઇ. શ્રી૦ ૪

"શ્રી વાસુપુજ્ય સ્વામીનું સ્તવન.

(ઠુમરી રાગ)

વાસુપુજ્યજીની પુજા કીજે, મનુષ્ય જન્મનો લ્હાવો લીજે,
ધ્યાન કળસ ભરી જસ અભિષેકે, નમન કરી પાપ પંક ધોઈજે.
વાસુ૦ ૧

ક્ષમા રકાબી દયા કટોરી, કેસર કોમળ રંગ ઘોલીજે
ચંદન સુમતા બરાસ ભેળીજે, અંગે જીનવરને અર્ચીજે.
વાસુ૦ ૨

પંચ સુમતિ પંચરંગી ફુલે, કુસુમની માળ સુગંધ ગુંથીજે;
નવપદ નવસેરો હાર સુગંધી, પ્રફુલીત ચિત સું કંઠ ઠવીજે,
વાસુ૦ ૩

દુપધાનું શુભ ભાવ ધરીને શુક્લ ધ્યાન તપ તાપ તપીજે;
ઈનમેં ધુપ મોહ ચોરને હોમી, કર્મ બાળી આત્મરંગે રમીજે.
વાસુ૦ ૪

કૃપાદીપક જ્યોતિસરલ ફાનસમેં, કેવળ જ્ઞાનકી રચના જોઈજે.
ક્ષાયક સમકીત અક્ષત અખંડનો, સાથીઓ કરી ગતી ચાર ચુરીજે
વા૦ ૫

નિરીચ્છા થાળ નિંવેદ કેરો, ભરી અણહારી ફળ જાગીજે.
સંજળ ફળ જીનવરની આણા, શીર ચડાવી સિદ્ધિ સુખ લીજે
વા૦ ૬

શ્રી વિમળનાથ સ્વામીનું સ્તવન.

દુઃખ દોહગ દુરે ટળ્યાં રે, સુખ સંપદ શું ભેટ;
ધીંગ ધણી માથે કિયોરે, કુણ ગંજે નર ખેટ-
વિમળ જિન દિઠા લોયણ આજ, મ્હારા સિધ્યાં
વંછિત કાજ—વિમળ૦ ૧

ચરણ કમળ કમલા વસેરે, નિર્મળ થિર પદ દેખ;
સમલ અથિર પદ પરિહરિરે, પંકજ પામર પેખ. વિ૦ ૨

મુજ મન તુજ પદ પંકજેરે, લીનો ગુણ મકરંદ;
રંક ગણે મંદિર ધરારે, ઇંદ્ર ચંદ્ર નાગીંદ્ર વિમલ૦ ૩

સાહેબ સમરથ તું ધણીરે, પામ્યો પરમ ઉદાર,
મન વિસરામી વાલ હો, મારા આતમ ચો આધાર. વિ૦ ૪
દરિસણ દીઠે જિનતણો રે, સંશય ન રહે વેધ;
દિનકર કરભર પસરતાં રે, અંધકાર પ્રતિષેધ વિ૦ ૫
અમિય ભરી મુરતિ રચીરે, ઉપમાં ન ઘટે કોય,
શાંત સુધારસ ઝીલતીરે, નિરખત તૃપ્તિ ન હોય વિ૦ ૬
એક અરજ સેવક તણીરે, અવધારો જીનદેવ !
કૃપા કરી મુજ દીજીયેરે આનંદઘન પદ સેવ, વિ૦ ૭

શ્રી અનંતનાથ સ્વામીનું સ્તવન.

ધાર તરવારની સોહિલી દોહિલી,
ચૌદમા જીન તણી ચરણ સેવા.
ધાર પર નાચતા દેખ બાજીગરા,
સેવના ધાર પર રહે ન દેવા. ધાર૦ ૧
એક કહે સેવીએ વીવિધ કિરિયા કરી,
ફળ અનેકાંત લોચન ન દેખે,
ફળ અનેકાંત કિરિયા કરી બાપડા,
રડવડે ચાર ગતિ માંહિ લેખે ધાર૦ ૨
ગચ્છના ભેદ બહુ નયન નિહાળતાં,
તત્વની વાત કરતાં ન લાજે
ઉદર ભરણાદિ નિજ કાજ કરતાં થકાં,
મોહ નડીયા કળિકાળ રાજે. ધાર૦ ૩
વચન નિરપેક્ષ વ્યવહાર જુઠો કહ્યો,
વચન સાપેક્ષ વ્યવહાર સાચો,

વચન નિરપેક્ષ વ્યવહાર સંસાર ફળ,
સાંભળી આદરી કાંઈ રાચો. ધાર ૪
દેવગુરુ ધર્મની શુદ્ધિ કહો કિમ રહે ?
કિમ રહે શુદ્ધ શ્રદ્ધા ન આણો;
શુદ્ધ શ્રદ્ધાન વિણું સર્વ કિરિયા કરી.
છાર પર લીપણું તેહ જાણો. ધાર૦ ૫
પાપ નહિ કોઈ ઉત્સૂત્ર ભાષણ જિસ્યો,
ધર્મ નહિ કોઈ જગસુત્ર સરિખો;
સૂત્ર અનુસાર જે ભવિક કિરિયા કરે,
તેહનું શુદ્ધ ચારિત્ર પરખો. ધાર૦ ૬
એહ ઉપદેશનો સાર સંક્ષેપથી,
જે નરા ચિત્તમાં નિત્ય ધ્યાવે;
તે નરા દિવ્ય બહુ કાળ સુખ અનુભવી,
નિયત આનંદઘન ન્યાય યાવે. ધાર૦ ૭

શ્રી ધર્મનાથ સ્વામીનું સ્તવન.

ધર્મ જીનેશ્વર ગાઉ રંગશું. ભંગ મ પડશો હો પ્રીત જીનેશ્વર !
બીજો મન મંદિર આણુ નહિ, એ અમ કુલવટ રીત જીનેશ્વર !
ધર્મ૦ ૧
ધરમ ધરમ કરતો સહુ ફિરે, ધર્મ ન જાણે હો મર્મ જીનેશ્વર !
ધરમ જીનેશ્વર ચરણ ગ્રહ્યા પછી કોઇ ન બાંધે હો કર્મ જીને૦
ધર્મ૦ ૨
પ્રવચન અંજન જો સદ્ગુરુ કરે, દેખે પરમ નિધાન જીને૦

હ્રદય નયણ નિહાળે જગધણી, મહિમા મેરૂ સમાન જીને૦
ધર્મ૦ ૩

દોડત દોડત દોડત દોડીઓ, જેતી મનનીરે દોડ જીને૦
પ્રેમ પતીત વિચારો હુંકડી, ગુરૂ ગમ લેજો રે જોડ જી૦
ધર્મ૦ ૪

એક પખી કેમ પ્રીતિ વરે પડે. ઉભય મિલ્યા હુએ સંધીજી૦
હું રાગી હું મોહે ફંદીઓ, તું નિરાગી નિરબંધ જીને૦
ધર્મ૦ ૫

પરમનિધાન પ્રગટ મુખ આગળે, જગત ઉલ્લંઘી જાય જિ૦
જ્યોતિ વીના જુઓ જગદીશની, અંધો અંધ પલાંય જિ૦
ધર્મ૦ ૬

નિર્મળ ગુણ મણિ રોહણ ભૂધરા, મુનિજન માનસ હંસજી.
ધન્ય તે નગરી ધન્ય વેલા ઘડી, માત પિતા કુલવંશ જિ૦
ધર્મ૦ ૭

મન મધુકર વર કરજોડી કહે, પદકજ નિકટ નિવાસ જિ૦
ઘનનામી આનંદઘન સાંભળો, એ સેવક અરદાસ જિ૦
ધર્મ૦ ૮

શ્રી શાંતિનાથ સ્વામીના સ્તવનો

શાંતિ જીનેશ્વર સાહિબારે, શાંતિ તણા દાતાર;
અંતરજામી છો માહરારે, આતમના આધાર--શાંતિ૦ ૧
ચિત્ત ચાહે પ્રભુ ચાકરીરે, મન ચાહે મળવાને કાજ;
નયન ચાહે પ્રભુ નિરખવારે, દ્યો દરિસણ મહારાજ--શાંતિ૦ ૨

પલક ન વિસરો મન થકીરે, જેમ મોરા મન મેહ;
એક પખો કેમ રાખીએરે, રાજ કપટનો નેહ--શાંતિ૦ ૩
નેહ નજર નિહાળતાંરે, વાધે બમણો વાન;
અખુટ ખજાનો દાદા તાહરોરે, દીજીએ વંછીતદાન-.શાંતિ૦ ૪
આશ કરે જે કોઈ આપનીરે, નવિ મુકીએ નિરાશ;
સેવક જાણીને આપણોરે, દીજીએ તાસ વિલાસ--શાંતિ૦ ૫
દાયકને દેતાં થકાંરે, ક્ષણ નવિ લાગે વાર;
કાજ સરે નિજ દાસનાંરે. એ મોહટો ઉપગાર--શાંતિ૦
એહવું જાણીને જગધણીરે, દિલમાંહિ ધરજો પ્યાર;
રૂપવિજય કવિ રાયનોરે, **મોહન** જય જયકાર-શાંતિ૦ ૭

---

(૨)

શાંતિ જિનેશ્વર સાચો સાહિબ શાંતિકરણ અનુકૂળમેં
હો જિનજી! તું મેરા મનમેં, તું મેરા દિલમેં.
ધ્યાન ધરૂં પલ પલમેં સાહેબજી તું મેરા ૧
ભવમાં ભમતાં મેં દરિસણ પાયો, આશા પુરો એક પલમાં.
હો. તુ૦ ૨
નિરમળ જ્યોત વદન પર સોહે, નીકસ્યો જ્યું ચંદ્ર વાદળમેં
હો. તુ૦ ૩
મેરો મન તુમ સાથે લીનો, મિન વસે જ્યું જલમેં.
હો. તુ૦ ૪
જિનરંગ કહે પ્રભુ શાંતિજીનેશ્વર, દિઠોજી દેવ સકળમેં
હો. તુ૦ ૫

શ્રી કુંથુનાથ સ્વામીનું સ્તવન.

મનડું કિમહી ન લાજે હો કુંથું જીન મનડુ કિમહી ન બાજે
જિમ જિમ જતન કરીને રાખું, તિમ તિમ અળગું ભાજે હો.
કુંથુજીન૦ ૧

રજની વાસર વસતી ઉજડ, ગયણ પાયાલે જાય;
સાપ ખાય ને મુખડું થોથું, એહ ઉખાણો ન્યાય હો.
કુંથુજીન૦ ૨

મુગતિતણા અભિલાષી તપીયા, જ્ઞાન ધ્યાન અભ્યાસે,
વૈરીડું કાંઇ એહવું ચિંતે, નાંખે અવળે પાસે હો
કુંથુજીન૦ ૩

આગમ આગમધર ને હાથે, નાવે આંકું કિણવિધ;
કિંહા કણે જો હઠ કરી હટકું (તો) વ્યાલતણીપરે વાંકું.
હો કંથુજીન૦

જો ઠગ કહું તો ઠગ તું ન દેખું, શાહુકાર પણ નાંહિ;
સર્વમાંહે ને સહુથી અળગું, એ અચરિજ મનમાંહો.
કુંથુજીન૦ ૫

જે જે કહું તે કાન ન ધારે, આપ મતે રહે કાલો;
સુરનર પંડિત જન સમજાવે, સમજે ન મારો સાહો.
કુંથુજીન૦ ૬

મેં જાણ્યું એ લિંગ નપુંસક, સકળ મરદને ઠેલે;
બીજી વાતે સમરથ છે નર, એહને કોઇ ન જેલેહો.
કુંથુજીન૦ ૭

મન સાધ્યું તેણે સઘળું સાધ્યું, એહ વાત નહિ ખોટી;
એમ કહે સાધ્યું તે નવિમાનું, એ કહી વાત છે મોટી.
હો કુંથુજીન૦ ૮

મનડું દુરારાધ્ય તેં વશ આણ્યું, તે આગમથી મતિ આણું;
આનંદઘન પ્રભુ માહરૂં આણું, તો સાચું કરી જાણું.
હો કુંથુજીન૦ ૯

શ્રી અરનાથ સ્વામીનું સ્તવન.

શ્રી અરજીન ભવજળનો તારૂં, મુજ મન લાગે વારૂંરે,
મનમોહન સ્વામી.

બાંહ્યગ્રહી એ ભવજળ તારે, આણે શિવપુર આરેરે.
મનમોહન સ્વામી૦ ૧

તપ જપ મોહ મહા તોફાને, નાવ ન ચાલે માનેરે.
મનમોહન સ્વામી.

પણ નવિ ભય મુજ હાથો હાથે, તારે તે છે સાથેરે.
મનમોહન સ્વામી૦ ૨

ભકતને સ્વર્ગ સ્વર્ગથી અધિકું, જ્ઞાનીને ફળ દેઈરે;
કાયાકષ્ટ વિના ફળ લહીએ, મનમાં ધ્યાન ધરેઈરે.
મનમોહન સ્વામી૦ ૩

જે ઉપાય બહુ વિધની રચના, યોગમાયા તે જાણોરે.
મનમોહન સ્વામી૦

શુદ્ધ દ્રવ્ય ગુણ પર્યાય ધ્યાને, શિવ દીએ પ્રભુ સપરાણોરે.
મનમોહન સ્વામી૦ ૪

પ્રભુ પદ વળગ્યા તે રહ્યા તાજા, અળગા અંગ ન સાજારે.
વાચક યશ કહે અવર ન ધ્યાઉં, એ પ્રભુના ગુણ ગાઉંરે.
મનમોહન સ્વામી૦ ૫

શ્રી મલ્લિનાથ સ્વામીનું સ્તવન.

તુજ મુઝ રીઝની રીઝ, અટપટ એહ ખરીરી;
લટપટ નાવે કામ, ખટપટ ભાંજ પરીરી. ૧
મલ્લિનાથ તુજ રીઝ, જન રીઝે ન હુએરી;
દોય રીઝણનો ઉપાય, સામું કાંઇ નજુએરી ? ૨
દુરાધ્ય છે લોક, સહુને સમ ન શશીરી;
એક દુહવાએ ગાઢ, એક જો બોલે હસીરી. ૩
લોક લોકોત્તર વાત, રીઝ છે દોય જુઇરી;
તાત ચક્ર ધુર પુજ્ય, ચિંતા એહ હુઇરી. ૪
રીઝવવો એક સાંઇ, લોક તે વાત કરેરી;
શ્રી નય વિજય સુશિષ્ય, એહિજ ચિત્ત ધરેરી. ૫

શ્રી મુનિસુવ્રત સ્વામીનું સ્તવન.

મુનિસુવ્રત જિન વંદતાં, અતિ ઉલ્લસિત તન મન થાયરે;
વદન અનોપમ નિરખતાં, મારા ભવ ભવના દુઃખ જાયરે.
મારા ભવ ભવના દુઃખ જાય, જગતગુરુ જાગતો સુખકંદરે;
સુખકંદ અમંદ આણંદ, પરમગુરુ દીપતો સુખકંદરે૦ ૧

નિશદિન સુતા જાગતાં, હૈડાથી ન રહે દૂરરે;
જબ ઉપકાર સંભારીએ, તવ ઉપજે આનંદ પૂરરે.
ત. જ. સુ. ૨

પ્રભુ ઉપકાર ગુણે ભર્યા, મન અવગુણ એક ન સમાયરે;
ગુણ ગુણ અનુબંધી હુઆ, તે તો અક્ષય ભાવ કહાયરે.
તે. જ. સુ. ૩

અક્ષય પદ દીએ પ્રેમ જે, પ્રભુનું તે અનુભવ રૂપરે;
અક્ષર સ્વર ગોચર નહિ, એતો અકલ અમાપ અરૂપરે,
એ. જ. સુ. ૪

અક્ષર થોડા ગુણ ઘણા, સજ્જનતા તે ન લિખાયરે;
વાચક યશ કહે પ્રેમથી, પણ મનમાંહે પરખાયરે.
પ. જ. સુ. ૫

શ્રી નમિનાથ સ્વામીનું સ્તવન.

શ્રી નમિજીનની સેવા કરતાં,
અલિય વિઘન સવિ દુરેનાસેજી;
અષ્ટ મહાસિદ્ધી નવનિધી લીલા,
આવે બહુ મહસુર પાસેજી શ્રી૦ ૧

મયમત્તા અંગણ ગજ ગાજે,
રાજે તેજી તુખાર તે ચંગાજી;
બેટા બેટી બંધવ જોડી,
લહીએ બહુ અધિકાર રંગાજી. શ્રી૦ ૨

વલ્લભ સંગમ રંગ લહિજે,
અણુવાલહા હોય દૂર સહેજેજી;
વાંછાતણો વિલંબ ન દૂજો,
કારજ સીઝે ભુરિ સહેજેજી. શ્રી૦ ૩

ચંદ્રકીરણ ઉજ્જવલ યસ ઉલસે,
સૂરજ તુલ્ય પ્રતાપી દીપેજી;
જે પ્રભુ ભક્તિ કરે નિત્ય વિનયે,
તે અરિયણ બહુ પ્રતાપી ઝીપેજી. શ્રી૦ ૪

મંગળ માળા લચ્છી વિશાળા,
બાલા બહુલે પ્રેમ રંગેજી;
શ્રી નયવિજય વિબુધ પય સેવક,
કહે લહીએ સુખ પ્રેમ અંગેજી. શ્રી૦ ૫

“ શ્રી નેમીનાથ સ્વામીનું સ્તવન.”

પરમાતમ પૂરણ કળા, પુરણ ગુણ હો પુરણ જનઆશ;
પૂરણ દૃષ્ટિ નીહાળીએ, ચિત્ત ધરીયે હો અમચી અરદાસ.
પરમાતમ૦ ૧

સર્વ દેવ ઘાની સહુ, અઘાતી હો કરી ઘાત દયાળ;
વાસ કિયો શિવ મંદિરે, મોહે વીસરી હો ભમતો જગજાળ.
પરમાતમ૦ ૨

જગતારક પદવી લહી, તાર્યા સહિ હો અપરાધી અપાર;
તાત ! કહો મોહે તારતા, કિમ કીની હો ઇણ અવસર વાર.
પરમાતમ૦ ૩

મોહ મહા મદ છાકથી, હું છકીયો હો નાંહિ સુધ લગાર;
ઉચિત સહિ ઈણે અવસરે, સેવકની હો કરવી સંભાર.
પરમાતમ૦ ૪

મોહ ગયા જો તારશો, તિણ વેલા હો કહા તુમ ઉપગાર ?
સુખવેળા સજ્જન ઘણા, દુઃખ વેળા હો વિરલા સંસાર.
પરમાતમ૦ ૫

પણ તુમ દરિશન યોગથી, થયો હૃદયે હો અનુભવ પરકાશ;
અનુભવ અભ્યાસી કરે, દુઃખદાયી હો સહુ કર્મ વિનાશ.
પરમાતમ૦ ૬

કર્મ કલંક નિવારીને, નિજ રૂપે હો રમે રમતા રામ;
લહત અપૂરવ ભાવથી, ઇણ રીતે હો તુમ પદ વિશરામ.
પરમાતમ૦ ૭

ત્રિકરણ યોગે વિનવું, સુખદાયી હો શિવાદેવાની નંદ,
ચિદાનંદ મનમેં સદા, તુમે આપો હો પ્રભુ ! નાણદિણંદ.
પરમાતમ૦ ૮

શ્રી પાર્શ્વનાથ સ્વામીનાં સ્તવનો ૨.

પરમાતમ પરમેશ્વરૂં, જગદીશ્વર જીનરાજ,
જગબંધવ જગભાણ બલિહારી તુમ તણી,
ભવજલધિમાં જહાજ. ૧

તારક વારક મોહનો, ધારક નિજગુણ ઋદ્ધિ;
અતિશયવંત ભદંત, રૂપાળી શીવવધુ;
પરણી લહી નિજ સિદ્ધિ૦ ૨

જ્ઞાન દર્શન અનંત છે, વળી તુમ ચરણ અનંત,
એમ દાનાદિ અનંત, ક્ષાયિક ભાવે થયાં,
ગુણ તે અનંતાનંત૦
બત્રીશ વર્ણ સમાય છે, એકજ શ્લોક મોઝાર,
એક વરણ પ્રભુ ! તુજ, ન માયે જગતમાં,
કેમ કરી થુણીએ ! ઉદાર૦ ૪
તુજગુણ કોણ ગણી શકે ? જો પણ કેવળ હોય;
આવિરભાવથી તુજ, સયલ ગુણ માહરે,
પ્રચ્છન્ન ભાવથી જોય૦ ૫
શ્રી પંચાસરા પાર્શ્વજી ! અરજ કરૂં એક તુજ;
આવિરભાવથી થાય, દયાળ ! કૃપાનિધિ !
કરૂણા કીજેજી મુજ૦ ૬
શ્રી જીન ! ઉત્તમ તાહરી, આશા અધિક મહારાજ;
પદ્મવિજય કહે એમ લહું, શીવનગરીનું,
અક્ષય અવિચલ રાજ૦ ૭

(૨)

મન મોહન પ્રભુ પાર્શ્વજી, સુણો જગત આધારજી;
શરણે આવ્યો પ્રભુ તાહરે, મુજ દુરિત નિવારજી. મન૦ ૧
વિષય કષાયના પાસમા, ભમ્યો કાળ અનંતજી;
રાગ દ્વેષ મહા ચોલટા, લુંટયો ધર્મનો પંથજી. મન૦ ૨
પણ કાંઇ પુરવ પુન્યથી, મળીયા શ્રી જીનરાજજી;
ભવ સમુદ્રમાં બુડતાં, આલંબન જીન ઝાઝજી. મન૦ ૩
કમઠે નિજ અજ્ઞાનથી, ઉપસર્ગ કીધો બહુ જાતજી;
ધ્યાનાનલ પ્રગટાવીને, કીધો કર્મનો ઘાતજી. મન૦ ૪

કેવળજ્ઞાનથી દેખીયું, લોકાલોક સ્વરૂપજી;
વિજય મુક્તિપદ જઈ વર્યું. સાદી અનંત ચીદરૂપજી. મન૦ ૫
તે પણ પામવા ચાહતો, મોહન કમલનો દાસજી;
મન મોહન પ્રભુ માહરી, પુરજો મનડાની આશજી.
મન મોહન પ્રભુ પાસજી. ૬

શ્રી મહાવીર સ્વામીનાં સ્તવનો. ૩

સિદ્ધારથનારે નંદન! વિનવું, વિનતડી અવધાર;
ભવ મંડપમારે નાટક નાચીઓ, હવે મુજ દાન દેવરાવ,
સિદ્ધા૦ ૧

ત્રણ રતન મુજ આપો તાતજી, જિમ નાવેરે સંતાપ,
દાન દીયંતારે પ્રભુ કસુર કીસી, આપો પદવીરે આપ.
સિદ્ધા૦ ૨

ચરણ અંગુઠે રે મેરૂ કંપાવીયો, મોડયાં સુરનાંરે માન.
અષ્ટ કરમનારે ઝગડા જીતવા, દિધાં વરસીરે દાન.
સિદ્ધ૦ ૩

શાસન નાયક શિવસુખદાયક, ત્રિશુંલા કુખે રતન,
સિદ્ધારથનોરે વંશ દિપાવીયો, પ્રભુજી તુમે ધન ધન.
સિદ્ધા૦ ૪

વાચક શેખર કિર્તી વિજય ગુરુ, પામી તાસ પસાય,
ધરમ તણા એ જિન ચોવીશમાં, વિનયવિજય ગુણ ગાય.
સિદ્ધા૦ ૫

---

(૨)

નારે પ્રભુ નહિ માનું, નહિ માનું રે, અવરની આણ ના રે૦
મ્હારે તારૂં વચન પ્રમાણ૦ નારે પ્રભુ૦
હરિહરાદિક દેવ અનેરા, તે દીઠા જગમાંયરે,
ભામીની ભરમ ભ્રુકુટીએ ભુલ્યા,તે મુજને ન સુહાય૦ નારે પ્રભુ૦
કેઈક રાગીને કેઈક દ્વેષી, કેઈક લોભી દેવરે;
કેઈક મદમાયામાં ભરીયા, કેમ કરીએ તસુ સેવ. નારે પ્રભુ૦ ૨
મુદ્રા પણ તેમાં નવિ દીસે, પ્રભુ તુજ માંહેલી તીલમા તરે,
તે દેખી દીલડું નવી રીઝે, શી કરવી તેહની વાત.
નારે પ્રભુ૦ ૩

તું ગતિ તું મતિ તું મુજ પ્રીતમ, જીવ જીવન આધાર.
રાતદિવસ સ્વપ્નાતર તુંહી, તું માહરે નિરધાર
નારે પ્રભુ૦ ૪

અવગુણ સહુ ઉવેખીને પ્રભુ, સેવક કરીને નિહાળરે,
જગ બંધવ એ વિનતી મારી, મારા સવિ દુઃખ દુરે ટાળ.
નારે પ્રભુ૦ ૫

ચોવીસમા પ્રભુ ત્રીભુવન સ્વામી, સિદ્ધારથના નંદરે,
ત્રીશલાજીના ન્હાનડીયા પ્રભુ, તુમ દીઠે અતિ આણંદ.
નારે પ્રભુ૦ ૬

સુમતી વીજય કવિરાયનોરે, રામવિજય કર જોડ રે.
ઉપગારી અરીહંતજી માહરા, ભવ ભવના બંધ છોડ
નારે પ્રભુ૦ ૭

---o---

(૩)

ગિરૂ ચારે ગુણ તમ તણા, શ્રી વર્દ્ધમાન જીનરાયારે;
સુણતાં શ્રવણે અમી ઝરે, મ્હારી નિર્મળ થાંયે કાયા રે.
ગિરૂ૦ ૧
તુમ ગુણ ગણ ગંગાજળે, હું ઝીલી નિર્મળ થાઉંરે
અવર ન ધંધો આદરૂં, નિશદિન તોરા ગુણ ગાઉંરે–ગિરૂ૦ ૨
ઝીલ્યા જે ગંગાજલે, તે છિલર જલ નવિ પેસે રે.
જે માલતી ફુલે મોહીયા, તે બાવળ જઈ નવિ બેસે રે.
ગિરૂ૦ ૩
એમ અમે તુમ ગુણ ગોઠશું, રંગે રાચ્યા ને વળી માચ્યારે
તે કેમ પરસુર આદરૂં, જે પરનારી વશ રાચ્યારે–ગિરૂ૦ ૪
તું ગતિ તું મતિ આશરો, તું આલંબન, મુજ પ્યારોરે,
વાચક યશ કહે માહરે, તું જીવનજીવ આધારોરે ગિરૂ૦ ૫

શ્રી સિદ્ધાચળનાં સ્તવનો ૫

શ્રી સિદ્ધાચળ ભેટવા, મુજ મન અધિક ઉમાયો,
ઋષભ જીણંદ પૂજા કરી લીજે ભવતણો લાહો –શ્રીરે૦ ૧
મણિમય મુરત શ્રી રૂષભની તીપાયે અભિરામ,
ભવન કરાવ્યાં કનકનાં, રાખ્યાં ભરતે નામ– શ્રીરે૦ ૨
નેમ વીના ત્રેવીશ પ્રભુ. આવ્યા સિદ્ધક્ષેત્ર જાણી;
શેત્રુંજા સમો તીરથ નહિ, બોલ્યા સીમંધર વાણી–શ્રીરે૦ ૩
પુરવ નવાણુ સમોસર્યા, સ્વામીશ્રી ઋષભ જીણંદ,
રામ પાંડતે મુગતે ગયા, પામ્યા પરમાનંદ– શ્રીરે૦ ૪

પૂરવ પુન્ય પસાઉલે પુંડરીક ગીરી પાયો;
કાંતિ વિજય હરખે કરી, શ્રી સિદ્ધાચળ ગાયો,–શ્રીરે૦ ૫

---

(૨)

સિદ્ધાચળ ગિરિ ભેટયા રે, ધન્ય ભાગ્ય હમારાં,
એ ગિરિવરનો મહિમા મોટો, કહેતાં ન આવે પાર,
રાયણ રૂષભ સમોસર્યા સ્વામી, પૂરવ નવાણું વારા રે
ધન્ય ૧
મૂળનાયક શ્રી આદિજીનેશ્વર, ચૌમુખ પ્રતિમા ચારા,
અષ્ટ દ્રવ્ય શું પૂજો ભાવે, સમકિત મૂળ આધારા રે
ધન્ય૦ ૨
ભાવ ભકિતશું પ્રભુ ગુણ ગાતાં, અપના જનમ સુધારા;
યાત્રા કરી ભવિજન શુભ ભાવે, નરકગતિ દુરગતિ વારારે.
ધન્ય૦ ૩
દૂર દેશાંતરથી હું આવ્યો, શ્રવણે સુણી ગુણ તોરા.
પતિત ઉદ્ધારણ બિરૂદ તુમારો, એ તીરથ જગ સારારે.
ધન્ય૦ ૪
અઢારસે ત્યાસી માસ અષાડો, વદ આઠમ ભોમવારા.
પ્રભુજીકે ચરણ પસાયથી સંઘમાં, ખેમા રતન પ્રભુ પ્યારારે
ધન્ય૦ ૫

---

(૩)

તે દિન કયારે આવશે, શ્રી સિદ્ધાચળ જાશું;
રૂષભ જિણંદ જુહારીને, સુરજ કુંડમાં નાહશું–તે દિન૦ ૧

સમોવરસણમાં બેસીને; જીનવરની વાણી;
સાંભળશુ સાચે મને, પરમારથ જાણી— તે દિન૦ ૨
સમકિત વૃત સુધાં ધરી, સદ્ગુરૂને વંદી;
પાપ સરવ આલોઇને, નિજ આતમ નંદી— તે દીન૦ ૩
પડીક્કમણાં દોય ટંકનાં, કરશું મન કોડે;
વિષય કષાય વિસારીને, તપ કરશું હોડે— તે દિન૦ ૪
વાહલાને વૈરી વિષે, નવિ કરશું વેહશે;
પરના અવગુણ દેખીને, નવિ કરવો ચહેરો— તે દિન૦ ૫
ધર્મ સ્થાનક ધન વાવરી, છ કાયને હેતે;
પંચમહાવ્રત લેઈને, પાલશું મન પ્રીતે તે દિન૦ ૬
કાયાની માયા મેલીને પરિસહને સહેશું,
સુખ દુઃખ સઘળા વિસારીને, સમભાવે રહેશું.—તે દિન૦ ૭
અરિહંત દેવને ઓળખી, ગુણ તેહના ગાશું,
ઉદય રત્ન ઇમ ઉચ્ચરે, ત્યારે નિર્મળ થાશું.— તે દિન૦ ૮

---

(૪)

એક દિન પુંડરીક ગણધરૂંરે લાલ,
પૂછે શ્રી આદિજીણંદ સુખકારીરે;
કહીયે ભવજળ ઉતરીરે લાલ,
પામીશ પરમાનંદ ભવ વારીરે. એ૦ ૧
કહે જીન ઇણ ગીરી પામશોરે લાલ,
જ્ઞાન અને નિરવાણ જયકારીરે;
તિરથ મહીમા વાધશેરે લાલ,
અધિક અધિક મંડાણ નિરધારીરે. એ૦ ૨

એમ નિસુણી તિહા આવીયારે લાલ,
ઘાતી કરમ કર્યા દૂર તમ વારીરે;
પંચક્રોડ મુની પરિવર્યારે લાલ,
હુઆ સિદ્ધિ હજુર ભવ વારીરે. એ૦ ૩
ચૈત્રી પુનમ દિન કીજીએરે લાલ
પૂજા વિવિધ પ્રકાર દિલ ધારીરે;
ફળ પદ્રક્ષિણાં કાઉસગ્ગારે લાલ,
લોગસ્સ થુઈ નમુક્કાર નરનારીરે. એ૦ ૪
દસવિશ ત્રીસ ચાલીશ ભલારે લાલ,
પચ્ચાશ પુષ્પની માળ અતી સારીરે;
નરભવ લ્હાવો લીજીએરે લાલ,
જેમ હોય જ્ઞાનવિશાળ મનોહારિરે. એ૦ ૫

---

(૫)

વિમલાચલ નીતુ વંદીએ, કીજે એહની સેવા,
માનુ હાથ એ ધર્મનો, શિવતરૂ ફળ લેવા. વિમળા૦ ૧
ઉજ્જવલ જિનગૃહ મંડળી, તિહાં દીપે ઉત્તંગા,
માનું હિમગિરી વિભ્રમે, આઈ અંબર ગંગા, વિમળા૦ ૨
કોઈ અનેરૂં જગ નહિ, એ તીરથ તોલે;
એમ શ્રીમુખ હરી આગળે, શ્રી સીમંધર બોલે. વિમળા૦ ૩
જે સઘળા તીરથ કહ્યા, જાત્રા ફળ કહીએ,
તેહથી એ ગિરી ભેટતાં, શત્ ગણું ફળ લહીએ. વિમળા૦ ૪
જનમ સફળ હોય તેહનો, જે એ ગિરી વંદે;
સુજશવિજય સંપદ લહે, તે નર ચિરનંદે. વિમળા૦ ૫

પાંચમના સ્તવન.

સુત સિદ્ધારથ ભૂપનોરે; સિદ્ધારથ ભગવાન,
બારહ પરખદા આગળેરે, ભાખે શ્રીવર્દ્ધમાનો રે
ભવિયણ ચિત્ત ધરો.
મન વચ કાય ઉમાયોરે જ્ઞાન ભકિત કરો. ૧
ગુણ અનંત આતમ તણારે, મુખ્યપણે તીહાં હોય,
તેમાં પણ જ્ઞાન જ વડુંરે, જિણથી દંસણ હોયરે-ભવિ૰ ૨
જ્ઞાને ચરિત્ર ગુણ વધે રે, જ્ઞાને ઉદ્યોત સહાય,
જ્ઞાને થિવિરપણું લહેરે, આચારજ ઉવઝાયો રે- ભવિ૰ ૩
જ્ઞાની શ્વાસોચ્છવાસમાં રે, કઠિન કર્મ કરે નાશ;
વન્હિ જેમ ઈંધણ દહેરે, ક્ષણમાં જ્યોતિ પ્રકાશોરે. ભ૰ ૪
પ્રથમ જ્ઞાન પછે દયારે, સંવર મોહ વિનાશ;
ગુણ સ્થાનક પગ થાલીએ રે, જેમ ચડે મોક્ષ આવાસોરે. ભ૰ ૫
મઈસુઅ ઓહિમણ પર્જવારે, પંચમ કેવળ જ્ઞાન;
ચઉમૂંગા શ્રુત એક છે રે, સ્વપર પ્રકાશ નિદાનોરે. ભ૰ ૬
તેહના સાધન જે કહ્યાં રે, પાટી પુસ્તક આદી;
લખે લખાવે સાચવે રે, ધર્મી ધરી અપ્રમાદોરે. ભ૰ ૭
ત્રિવિધ આશાતના જે કરે રે, ભણતાં કરે અંતરાય;
અંધા બહેરા બોબડારે, મૂંગા પાંગુલા થાય રે. ભ૰ ૮
ભણતાં ગણતાં ન આવડે રે, ન મળે વલ્લભ ચીજ;
ગુણમંજરી વરદત્ત પરેરે, જ્ઞાન વિરાધન બીજરે. ભ૰ ૯
પ્રેમે પુછે પરખદારે, પ્રણમી જગગુરૂ પાય;
ગુણમંજરી વરદત્તનોરે, કરો અધિકાર પસાયોરે. ભ૰ ૧૦

(૨)

પંચમી તપ તમે કરોરે પ્રાણી, જેમ પામો નિર્મળ જ્ઞાનરે,
પહેલું જ્ઞાનને પછી ક્રીયા, નહિ કોઇ જ્ઞાન સમાન રે.
પંચમી૦ ૧

નંદીસુત્રમાં જ્ઞાન વખાણ્યું, જ્ઞાનના પાંચ પ્રકારરે;
મતિ શ્રુત અવધિને મનઃ પર્યવ, કેવળ એક ઉદારરે.
પંચમી૦ ૨

મતિ અઠ્ઠાવીશ શ્રુત ચઉદહ વીશ, અવધિ છે અસંખ્ય પ્રકારરે;
દોય ભેદે મનઃપર્યવ દાખ્યું, કેવળ એક ઉદારરે, પંચમી૦ ૩

ચંદ્ર સૂય ગ્રહ નક્ષત્ર તારા, એકથી એક અપારરે;
કેવળજ્ઞાન સમુ નહિ કોઈ, લોકા લોક પ્રકાશરે. પંચમી૦ ૪

પારસનાથ પસાય કરીને, માહરી પુરો ઉમેદરે;
સમય સુંદર કહે હું પણ પામું, જ્ઞાનનો પાંચમો ભેદરે.
પંચમી૦ ૫

આઠમનું સ્તવન.

(૩)

હાંરે મારે ઠામ ધરમના, સાડા પચવીશ દેશજો;
દીપેરે તિહા દેશ મગધ, સહુમાં શિરેરે લો.
હાંરે માહરે નગરી તેહમાં, રાજગ્રહી સુવિશેષજો;
રાજેરે નિહા શ્રેણીક ગાજે, ગજ પરેરે લો. ૧
હાંરે મારે ગામ નગરપુર, પાવન કરતાં નાથજો;
વિચરંતા તિહાં આવી વીર સમોસર્યારે લો.

હાંરે મારે ચૌદ સહસ મુનિવરના સાથે સાથજો;
વિચરંતા તીહાં આવી વીર સમોસર્યારે લો. ૨
હાંરે મારે ફૂલ્યા રસભર ઝુલ્યા અંબ કદંબજો;
જાણુંરે ગુણ શીલવન, હસી રોમંચિયોરે લો.
હાંરે મારે વાયા વાય સુવાય તિહાં અવિલંબજો;
વાસેરે પરિમલ ચિહું પાસે સંચિયોરે લો. ૩
હાંરે મારે દેવ ચતુર્વિધ, આવે કોડા કોડજો;
ત્રિગડુંરે મણી હેમ રજતનું તે રચેરે લો.
હાંરે મારે ચોસઠ. સુરપતિ સેવે હોડા હોડજો;
આગેરે રસ લાગે ઇંદ્રાણી, નચેરે લો. ૪
હાંરે મારે મણિમય હેમ સિંહાસન બેઠા આપજો;
ઢાળેરે સુર ચામર, મણીરત્ને જડયાંરે લો.
હારે મારે સુણતાં દુંદુભીનાદ, ટળે સવિ તાપજો;
વરસેરે સુરફુલ સરસ જાનુ અડયારે લો. ૫
હાંરે મારે તાજે તેજે ગાજે ઘન જેમ લુંબજો;
રાજેરે જીનરાજ સમાજે ધર્મનેરે લો,
હાંરે મારે નીરખી હરખી આવે જનમન લુંબજો;
પોષેરે રસ ન પડે ઘોષે ભર્મમાંરે લો. ૬
હાંરે મારે આગમ જાણી, જિનનો શ્રેણિક રાયજો;
આવ્યોરે પરવરિયો હય ગય રથ પાયગેરે લો.
હાંરે મારે દઈ પ્રદક્ષિણા. વંદી બેઠો ઠાયજો;
સુણવારે જિનવાણી મોટે ભાયગેરે લો. ૭
હાંરે મારે ત્રિભુવન નાયક લાયક તવ ભગવંતજો;
આણીરે જનકરૂણા ધર્મકથા કહેરે લો.

હાંરે મારે સહજ વિરોધ વિસારી જગના જંતજો;
સુણવારે જિનવાણી મનમાં ગહગહેરે લો. ૮

સિમંધર સ્વામીનું સ્તવન.

(૪)

પુખ્ખલવઇ વિજયે જયોરે, નયરી પુંડરીગિરી સાર;
શ્રી સીમંધર સાહિબારે, રાય શ્રયાંસ કુમાર,
જિણંદરાય ધરજો ધર્મ સ્નેહ૦ ૧

મ્હોટા નાના અતરોરે, ગિરૂઆ નવિ દાખંત;
શશિ દરિશણ સાયર વધેરે, કૈરવ વન વિકસંત.
જિણંદરાય ધરજો ધર્મ સ્નેહ૦ ૨

ઠામ કુઠામ નવિ લેખવેરે, જળ વરસંત જળધાર;
કર દોઈ કુસુમે વાસીયેરે, છાયા સવિ આધાર. જિ૦ ૩

રાયને રંક સરિખા ગણેરે, ઉદ્યોતે શશિ સુર,
ગંગાજલ તે બેહુ તણારે, તાપ કરે સવિ દુર. જિ૦ ૪

સરિખા સહુને તારવારે, તિમ તુમે છે મહારાજ;
મુઝશું અંતર કિમ કરોરે, બાંહે ગ્રહ્યાની લાજ. જિ૦ ૫

મુખ દેખી ટીલું કરેરે, તે નવિ હોય પ્રમાણ;
મુજરો માને સવિ તણોરે, સાહિબ તેહ સુજાણ. જિ૦ ૬

વૃષભલંછન માતા સત્યકીરે, નંદન રૂખમિણી કંત;
વાચક જસ ઇમ વિનવેરે, ભવ ભંજન ભગવંત;
જિણંદરાય ધરજો ધર્મ સ્નેહ. ૭

દીવાળીનાં સ્તવન. ૨

મારગદેશક મોક્ષનોરે, કેવળ જ્ઞાન નિધાન,
ભાવ દયા સાગર પ્રભુરે, પર ઉપગારી પ્રધાનોરે.
વીર પ્રભુ સિદ્ધ થયા ! સંઘ સકળ આધારોરે;
હવે ઈણિ ભરતમાં, કોણ કરશે ઉપગારોરે.
વીર પ્રભુ૦ ૧

નાથ વિહૂણું સૈન્ય જ્યુંરે, વીર વિહુણોરે સંઘ,
સાધે કોણ આધારથીરે, પરમાનંદ અભંગોરે,
વીર પ્રભુ૦ ૨

માત વિહૂણો બાળ જ્યુંરે, અરહો પરહો અથડાય,
વીર વિહૂણા જીવડારે, આકુળ વ્યાકુળ થાયરે.
વીર પ્રભુ૦ ૩

સંશય છેદક વિરનોરે, વિરહ તે કેમ ખમાય ?
જે દીઠે સુખ ઉપજે રે, તે વિણ કેમ રહેવાયરે.
વીર પ્રભુ૦ ૪

નિર્યામક ભવ સમુદ્રનોરે, ભવ અટવી સથ્થવાહ,
તે પરમેશ્વર વિણ મળેરે, કેમ વાધે ઉત્સાહરે !
વીર પ્રભુ૦ ૫

વીર થકાં પણ શ્રુત તણોરે, હતો પરમ આધાર;
હવે ઇહાં શ્રુત આધાર છેરે, અહો નિજમુદ્રા સારરે !
વીર પ્રભુ૦ ૬

ત્રણ કાળે સવિ જીવનેરે, આગમથી આણંદ;

સેવો દયાવો ભવિજનારે, જિનપડિમાં સુખકં દારે.

વીર પ્રભુ૦ ૭

ગણધર આચારજ મુનિરે, સહુને ઈણીપરે સિદ્ધી;
ભવ ભવ આગમ સંગથીરે, **દેવચંદ્ર** પદ લીધરે.

---

(૨)

મારે દીવાળી રે થઈ આજ, પ્રભુ મુખ જોવાને;
સર્યાં સર્યાંરે સેવકનાં કાજ, ભવદુઃખ ખોવાને.
મહાવીર સ્વામી મુગતે પહોંત્યા, ગૌતમ કેવળ જ્ઞાનરે,
ધન્ય અમાવાસ્યા દીવાળી મારે, વીર પ્રભુ નિર્વાણ.

જિન૦ ૧

ચારિત્રપાળ્યાં નીરમળારે, ટાળ્યા વિષય કષાયરે,
એવા મુનિને વંદીએ જે, ઉતારે ભવપાર.

જિન૦ ૨

બાકુળ વહોર્યા વિરજીને, તારી ચંદનબાળારે;
કેવળ લઈ પ્રભુ મુગતે પહોંત્યા, પામ્યા ભવનો પાર.

જિન૦ ૩

એવા મુનીને વંદિએ જે, પંચજ્ઞાનને ધરતારે;
સમવસરણ દઇ દેશના પ્રભુ, તાર્યા નરને નાર.

જિન૦ ૪

ચોવીસમાં જિનેશ્વરને, મુક્તિ તણા દાતારરે;
કરજોડી કવિ એમ ભણે મારા ભવનો ફેરો ટાળ.

જિન૦ ૫

શ્રી ચકેસરી માતાનું સ્તવન.

રાગ-(નર ચતુર સુજાણ પરનારી શું પ્રીત કબુ નવ કીજીએ.)

હાંરે મા ચકેસરી, સીદ્ધાચળ વસીયારે, જીન રખે વાલણી,
હાંરે મા દેવી મા મોટી દેવી, મા ઈંદ્રાદિક જક્ષે સેવી;
હાંરે માની અકલ સરૂપ કહીએ સેવી. મા ચકેસરી૦ ૧

હાંરે મા બુડતા વહાણ ઉગારે છે, સેવકના કાજ સુધારે છે;
હાંરે માની જાત્રા કરે તેને તારે છે. મા ચકેસરી૦ ૨

હાંરે માની જાત્રાએ સહુ કોઈ આવે છે, ચુંદડીઓ શ્રીફળ લાવે છે;
હાંરે માની ભક્તિ કરે તેને તારે છે. મા ચકેસરી૦ ૩

હાંરે મા મસ્તક મુગટ બીરાજે છે, માને કાને કુંડળ છાજે છે;
હાંરે માની ગોફણે ઘુઘરી ગાજે છે. મા ચકેસરી૦ ૪

હાંરે માને કુંકુમ ચુડલા ખળકે છે, માને જડાવ ઝુમણા ખળકે છે;
હાંરે માને કોટે પુતળીયા લટકે છે. મા ચકેસરી૦ ૫

હાંરે મા લક્ષણ કર્મા વત બાણું, મા ચક્ર પાંચસોએ નીરવાણું;
હાંરે ઉગ્યો જાણે શશિયણ ભાનું. મા ચકેસરી૦ ૬

હાંરે મા વામ ભોજા એક ધન ઓપે, મા વજ ચક્ર અંકુશ શોભે;
હાંરે સેવકના દુઃખ બહુ લોપે. મા ચકેસરી૦ ૭

હાંરે મા જાળીઓને ગોખ બીરાજે છે, મા ઘંટ ઘડીઆળા બાજે છે;
હાંરે માજીનો ગોફ ગાજે છે. મા ચકેસરી૦ ૮

હાંરે મા કે શંકર તમે સઈ કરજો, મા દેવી સેવીને શરણે રહેજો;
હાંરે માની ભક્તિ કરે તેને ફળ દે જો. મા ચકેસરી૦ ૯

ગાયન સંગ્રહ તથા પદ્યો

ભાગ ૩ જો.

"મંગળાચરણ"

(૧)

જય જય જય છબી પ્યારી;
શાંતિ સદા સુખકારી.......જય જય જય.
પારેવો ઉગારી દયા દીલ ધારી,
ક્ષમા કરી તેં અમા....રી. જય. ૧
મુજને તારો પાર ઉતારો,
લળી લળી લાગુ પા....ઈ. જય. ૨
સિદ્ધ સદા છે આણંદ કારી,
ભવિજનને હિતકા....રી. જય. ૩
જીન ગુણ ગાવા અમ બાળકને,
હરખ ઘણો અપા....રી. જય. ૪

(૨)

નમીએ નમાવી શિર પ્રથમ જીણંદા; (૨)
પ્રથમ જીણંદા પ્યારા, ઋષભ જીણંદા.... નમીએ૦ ૧
અકળ કળા છે તારી, પળે પળે ન્યારી ન્યારી; (૨)
ભવિયણ હિતકારી, આનંદ કંદા.... નમીએ૦ ૨
મંગળ સ્થળે સ્થળે, સુખ કરો પળે પળે; (૨)
આપો અમર ફળ, મારૂ દેવી નંદા.... નમીએ૦ ૩

નાભીનંદા લાવી બાળા, પ્રવર્તક ઉજમાલા; (૨)
એમ દુઃખ ટાળો ટાળી, પુનમ ચંદા.... નમીએ૦ ૪

(૩)

પ્રભુ સુખ કર દુઃખ હર (૨)
દિનને દયા તું કર.... પ્રભુ૦ ૧
નિરંજન નિરાકાર, છે મોટો તારો આધાર; (૨)
લજ્જા રાખો દિનદયાળ.... પ્રભુ૦ ૨
શાંતિ મંડળ સૌ સંગાથ, સ્વયંસેવકો ગાયે ગુણગાથ; (૨)
મફત વિનતી ધારો સાથ.
પ્રભુ સુખ કર દુઃખહર. ૩

(૪)

પ્રભુ તોરે અંગમે, ફુલનકી બહાર હે.
ફુલનકી બહાર હે, ફુલનકા હાર હે. પ્રભુ૦ ૧
અંગોપર આંગી, સુંદીર શણગાર હે;
સુંદીર શણગાર હે, સેવું સદા કાળ હે. પ્રભુ૦ ૨
ચંપા ચંબેલી મોગર, લાલ ગુલાબ હે;
લાલ ગુલાબતણા હૈયામાં હાર હે પ્રભુ૦ ૩
સુંદીર શ્યામ તારિ, મુરતી મોહનગારી;
પાર્શ્વ મંડળને, હયામાં હોંસ ભારી પ્રભુ૦ ૪
પ્રભુ તોરે અંગમે ફુલનકી બહાર હે.

(૫)

(રાગ—માલકોશ)

નમું નેહનાથ, જોડી હાથ, શાંતિનાથ તને;
ભવોદધી પાર તું ઉતાર હે ! કીરતાર મને નમું૦ ૧

કરૂં અરદાસ, ખાશ, ધારિ આશ, આપ કને;
ધરી જરી વ્હાલ, લેશ ભાલ, બાલ ભયે વને   નમું૦ ૨
સંસાર મોઝાર, નાવ્યો પાર, ફર્યો ઠામ ઘણે;
હેવાન, અજ્ઞાન, હું ભુલી ભાન, ઠર્યો ન સ્થાન ઠણે નમું૦ ૩
પ્રીતી તણી રીત, તો ખચીત, હુઈ બાળપણે;
વિસારો આજ, જોઇ જીનરાજ, કાજ કેમ બને. નમું૦ ૪
દેખ્યો દેદાર, હે દીલદાર, જે મર્મ કર્ણ હણે;
શાંતી પ્રભુ તારતાર, **શ્રીચંદ્રોદય** એમ ભણે   નમું૦ ૫

(૬)

જીનરાજ સે જાઉંવારી. જય બોલો જય બોલો (૨)
તેરા ચરણોમેં આયા, મેરા જન્મ સફળ બનાયા;
મહારાજ સે જાઉં વારી, જય બોલો જય બોલો.   ૧
તેરાહિ દર્શ પાયા, મેરા કર્મ સભી કટાયા;
પ્રભુ નામસે જાઉં વારી, જય બોલો જય બોલો   ૨
તેરા ગુણગાન ગાયા, બાળકો આનંદ પાયા;
તુજ નામસે જાઉં વારી, જય બોલો જય બોલો   ૩

(૭)

શ્રી જીનવરજી અરજી મારી, મહેર કરી અવધારી લે;
ભવમાં ભમતા ભવભીરૂને, તારક તુંતો તારીલે
એ—એ—એ શ્રી જીનવરજી૦ ૧
નેહ નજરથી નાથ નિરંજન, નિકટ સંકટ નિવારી લે,
વિશ્વપતિ શ્રી વીર જીનેશ્વર, વિપત્તી વેગે વારીલે૦
એ—એ—એ શ્રી જીન૦ ૨
સમતા સાગર સ્નેહ ધરીને, સેવક સ્તુતી સ્વીકારીલે;
મોહનગારા મહેર કરીને, **ચંદ્રોદયને** તારીલે
એ—એ—એ શ્રી જીન૦ ૩

(૮)

(રાગ—મેર બાહો જાયંગે—)

જો જીવનને મુક્ત કરવા, આ ઘડીછે હાથમાં (૨)
અંત વેળા આપણું કોઇ, આવશે નહિ સાથમાં૦ (૧)
ક્યાંથી આવ્યો, ક્યાં જશે, શું લાવ્યોને શું લઇ જશે,
પાપ પુન્યની પોટલી લઈ, જાવી પડશે બાથમાં. (૨)
કાયા કંચન કામીની શું, જોઇને મોહી રહ્યો;
નિત્ય **બચુભાઇ** કહે, ધર ધ્યાન શ્રી જગનાથમાં—
જો જીવન૦ ૩

(૯)

(રાગ—ગઝલ)

અહો શ્રી સોલમા સ્વામી, દયાળુ દેવ શીવગામી,
અતી ઉપગારી જગસ્વામી, પ્રણમું પ્રેમે પરનામી અહો૦ ૧
નિરાગી નાથ નિષ્કામી, જ્ઞાનાદિ ગુણુના ધામી;
સુભાગી સ્વામી ઘનનામી, ભજું ભાવે હો! ભવવામી. અહો૦ ૨
સદા શાંતિ તણા સ્વામી, દીયો શાંતિ હે! વીશરામી;
કરો ક્રિપા અંતરજામી, હરો આ દાસની ખામી. અહો શ્રી૦ ૩
પરમ પ્યારા પ્રભુ પામી, કરૂં સ્તુતી હું શીરનામી;
ચંદ્રોદય વિનતી સ્વામી, સ્વીકારો શ્રી આતમરામી—
અહો શ્રી૦ ૪

(૧૦)

(રાગ—ગઝલ)

હે જગતમેં નામયે રોશન, સદા તેરા પ્રભુ,
તારલે ઉસ્કો સદા, જો લે શરણ તેરા પ્રભુ. હે જગ૦ ૧

લાખ ચોરાશીને ઘેરી, કર્મના માર્યા મુઝે,
લે બચા અબ તો સહાર, હે મુઝે તેરા પ્રભુ. હે જગ૦ ૨
સેંકડે કો તારતે હો, મહેરકી કરકે નજર,
કયોં નહિ તારો મુઝે, કયા ગુના મેરા પ્રભુ. હે જગ૦ ૩
હાલજો તનકા હુવાહે, આપ બીન કીસીસે કહું,
મોહરાજાને મુઝે, ચારો તરફ ઘેરા પ્રભુ. હે જગતમે૦ ૪

(૧૧)

(રાગ—હોરી)

શામળો સુખદાઇ, જાકી છબી બરનીન જાઈ, શામળો
શ્રી અશ્વસેન વામાનંદનકી, કીર્તી ત્રીભુવન છાઈ,
સમેતશિખર ગિરી મંડણ પ્રભુકો, દેખ દરશ હરખાઈ,
હૃદય મેરો અતિ ઉલસાઈ. શામળો૦ ૧
આજ અમારે સુરતરૂ પ્રગટયો, આજ આનંદ વધાઇ,
તિન લોકકો નાયક નીરખ્યો, પ્રગટી પુર્વ પુન્યાઇ;
સફળ મેરો જન્મ કહાઇ. શામળો૦ ૨
પ્રભુકો સરસ દરશ બીનુ પાયે, ભવોભવ ભટકયો મેં ભાઇ,
અબ પ્રભુકે ચરણે ચિત્ત લાગ્યો, **બાલ** કહે ગુણગાઈ,
પ્રભુ સંગ લગન લગાઇ. શામળો૦ ૩

(૧૨)

શ્રી વિરમગામે શાંતી જીનેશ્વર શોભતા (૨)
અચિરાનંદન, ભવદુઃખ ભંજન, સુમતી અમને આપો;
મહેર કરી મહારાજ અમોપર, કુમતી બહુની કાપોરે
શ્રી વીરમગામે૦ ૧
સવિતાના જેમ દરિશન નીરખી, સુર્યમુખી મન હરખે;
તિમ જિન પ્રતિમા આજે નીરખી, મન મારૂં બહુ મલકેરે
શ્રી વીરમગામે૦ ૨

સમતા સુંદરીના પ્રભુ ભોગી, ત્રણુ રતન મુજ આપો,
દીન દયાળુ કૃપા કરીને, જન્મ જરા દુઃખ કાપોરે
શ્રી વીરમગામે૦ ૩

ભાવથી તાલ વિણા પ્રભુ પાસે, ધપ મપ મૃદંગ બજાવું,
તન તન થેઇ થેઇ નાચ કરીને, લળી લળી શિર નમાવું રે,
શ્રી વીરમગામે૦ ૪

શાંતિ જીનેશ્વર શાંતી અનુપમ શાંતિ મંડળને આપો,
દાસ **ચંદુ** કરજોડી કહે છે, દુઃખો અમારા કાપોરે
શ્રી વીરમગામે૦ ૫

(૧૩)

આજકી આંગીબની ભારી;
શાંતિ જીનકી હો સુખકારી.

સાખી

મુગટ બન્યો હિરા તણો;
કાને કુંડળ સાર.
બાંહે બાજુબંધ બેરખા,
વારિ ગલે મોતનકા હાર.
પ્રભુ મુરત છે મુજ પ્યારી;
શાંતિ જીનકી હો સુખકારી—આજકી૦ ૧

સાખી

પારેવો ઉગાર્યો પ્રેમથી;
તિર્થંકર પદ લીધ.
અનુપમ પદવી ભોગવીને;
કર્મ સકળ ક્ષય કીધ.

પ્રભુ મુરત છે જયકારી;
શાંતિ જીનકી હો સુખકારી—આજકી૦ ૨

સાખી

રાગ દ્વેષહિન છે પ્રભુ;
નિરંજન અવિકાર.
ત્રણ ભુવનમાં શોભતા વારી;
સહુને આનંદકાર.
પ્રભુ મુરત મંગળકારી,
શાંતિ જીનકી હો સુખકારી—આજકી૦ ૩

સાખી

સંવત ઓગણી સત્યાસીને,
ચૈત્રી પુનમ શુભવાર.
દાસ ચંદુ પર મહેર કરીને;
શાંતિ મંડળી તાર.
પ્રભુ મુરત ફ'ા દાતારી;
શાંતિ જીનકી હો સુખકારી—આજકી૦ ૪

(૧૪)

(રાગ—સીતારામ ચરીત્ર ગુણ ગાયા કરો.)

પ્રભુ શાંતિ તણા ગુણ ગાયા કરો;
અચિરા નંદન શિર ઝુકાયા કરો.

દર્શ કાજ ત્હારે દ્વાર આવે છે નર નારી સહુ;
ઉગારી પારેવો પ્રભુ દયા કરી છે તેં તો બહુ.
દયા ધર્મના પાઠ પઢાયા કરો—પ્રભુ૦ ૧
આનંદ અંગ અપાર દેખી ત્હારી મુરત આજખરે;
દેખી તુમ દેદાર, મનના મનોરથો આજ ફળે.
પુન્ય નિતીના પંથે ચલાયા કરો—પ્રભુ૦

જગત સ્વામી દાસની અરદાસ આજ ધારો તમે,
ભવાટવીમાં ભમતા મુજને મળીયા જીનરાજ તમે;
પ્રભુ ભક્તિની ધુન જગાયા કરો–પ્રભુ૦ ૩
શ્રી જૈન સ્વયં સેવક મંડળ આજ તુને નમન કરે,
શાંતી પ્રભુ દુઃખ હરો, દાસ ચંદુ અર્જ કરે;
જીનજી શાંતિ મંડળ સુખ પાયા કરો,
પ્રભુ શાંતી તણા ગુણ ગાયા કરો. ૪

(૧૫)

(રાગ–પંચમી તપ તમે કરોરે પ્રાણી)

શાંતિ જીનેશ્વર અરજી મોરી, મહેર કરી સ્વીકારોરે;
ભવજળ નિધી પાર ઉતરવા, મારગડો દેખાડોરે.
શાંતિજી૦ ૧
શિવ રમણીની સંગત કરવા, ભાવે ધરૂં નિવેદ રે;
કુસુમ મોગરને લાલ ગુલાબો, હરખથી આંગીરચાવુંરે.
શાંતિજી૦ ૨
દિલમાં ધારી દયાને જીનજી, પારેવો ઉગાર્યોરે,
જ્ઞાનામૃતની લહેર પ્રભુજી, નાચું થેઇ થેઇ કારોરે.
શાંતીજી૦ ૩
સંસાર સાગરમાં ઝંપલાવ્યો, જીવન કેરો ઝાંઝરે;
તુજ અમૃત કરૂણા રસને, પ્રેમે પાવો આજરે.
શાંતીજી૦ ૪
શાંતિજીન યુવક મંડળને, મહેર કરીને તારોરે,
દાસ ચંદુ કર જોડી કહે છે, ભવજળ પાર ઉતારોરે
શાંતીજી૦ ૫

(૧૬)

રાગ—(ધન્ય ભાગ્ય અમારે આંગણુ અવ્યા)

ધન્ય, ધન્ય, દહાડો ધન્ય ઘડી આવાર, સદા સુખકાર,
દેરા સરે દીઠો મારો નાથ૦ ૧

ભવમાં ભમતા ભાગ્ય ઉદયથી, મળીયા શ્રી જીનરાજ,
કર્મના દળીયા દુરે ટળીઆ, ફરીયા મ્હારા કાજ
દેરા સરે દીઠો મ્હારે નાથ૦ ૨

રાગ કે દ્વેષકે દીસે નાજરીએ, એવા શ્રી વીતરાગ,
પુન્યોદયથી પેખ્યા એથી, અહો, અહો, મમ ભાગ્ય,
દેરા સરે દિઠો મ્હારો નાથ૦ ૩

અંતરજામી, ત્રીભુવન સ્વામી, દેવના દેવ દયાળ,
સેવક શરણે આવી ઉભો છે, ટાળો જગ જંજાળ.
દેરાસરે દીઠો મ્હારો નાથ૦ ૪

અનેક તાર્યા, આગે જીનજી, મહેર કરી મરારાજ;
શ્રી **ચંદ્રોદય** મંડળી તારો, એજ અરજ ઉચ્ચરાય.
દેરાસરે દીઠો મ્હારો નાથ૦ ૫

(૧૭)

ઘન ઘટા ભુવન રંગ છાયા, જીણંદ ગુણ ગાયા, ખુશી થાયા;
હાંરે પ્રભુ તું છે નીરંજન લેખી, હાંરે મુને જ્ઞાન આવે તુજ દેખી.
હાંરે તમે મોહ માયાના ત્યાગી, પ્રભુજી મુને તારો,
પાર ઉતારો—ઘન૦ ૧

પ્રભુ અરજી અમારી ઉરધારો, મારા પાપો તમે નિવારો,
હવે નથી બીજો કોઇ આરો, પ્રભુજી મુને તારો.
પાર ઉતારો—ઘન૦ ૨

સુરત સંગીત મંડળી ગાએ, મન વાંછીત ફળને પાયે,
તોરા દરીશન જોઇ ખુશી થાયા, જીણંદ ગુણ ગાયા.
ખુશી થાયા—ઘનઘટા૦ ૩

(૧૮)

ચંદ્ર પ્રભુજીસે ધ્યાનરે, મોરી લાગી લગનવા. (૨)
લાગી લગનવા છોડી ન છુટે, જબ લખ ઘટમે પ્રાણરે
મોરી લાગી૦ ૧

દાન શીયલ તપ ભાવના ભાવો, જૈન ધરમ પ્રતિપાલરે
મોરી લાગી૦ ૨

હાથ જોડકે અરજ કરતહે, વંદત શેઠ **ખુશાલરે**
મોરી લાગી૦ ૩

૧૯

ૐ શ્રી શાંતીનાથ સમરીયે,
વિશ્વસેન નૃપ અચિરાનંદન, નમન પૂજન સેવન કરીએ
ૐ શ્રી૦ ૧

પારંગતનું શરણ ગ્રહીને, માનવ દેહ સફળ કરીએ
ૐ શ્રી૦ ૨

શાંતિ વિધાયક નામ રટનથી, પરમ શાંતી પદ ઝટ વરીયે
ૐ શ્રી૦ ૩

ભક્ત વસ્તલ ભવ સંતતી છેદક, યાન પાત્ર સમ ભવ દરીયે
ૐ શ્રી૦ ૪

નાહનંતુ મમ મંત્ર જપીને, પુનીત પ્રભુ પગલે ચરીયે
ૐ શ્રી૦ ૫

(૨૦)

રાગ (થઈ પ્રેમ વશ પાતળીયા)

તુંહી દેવ સાચો મળીયો,
મારે આંગણ સુરતરૂ ફળીયોરે–તુંહી૦ ૧
કૃપા કરો કરૂણાળુ કીંકરપર, વિમળાચળના વાસી,
પ્રેમથી નીત્ય નમું અવિનાશી, મારે ભવનો ફેરો
ટળીઓરે–તુંહી૦ ૨
ભાગ્યોદય મોહન મળ્યા મુજને, ઘન ચંદ્રોદય ધારૂં,
હરો જન્મ મરણ દુઃખમારૂં.
હાંરે મારે આંગણ સુરતરૂ ફળીયોરે
તુંહી દેવ૦ ૩

(ડાંડીયા રાસ)

રાગ (વીર જીનેશ્વર વદન વીભુ ભવી કુમુદ નિહાળી)

શાંતિ જીનેશ્વર ચરણકમલ છબી આણંદકારી,
નીરખીત નયણાંનંદ ભવિક સમચીત કરનારી
મસ્તકે મુગટ બીરાજતો રે લોલ
હીરા મણી જડીત છાજતો રે લોલ
લોચન અમીરસ ઝળકતાં રે લોલ
ચંદ્રકીરણ સમ **મલકતાં** રે લોલ
કાને કુંડળ હઈડે હારકે મોતીના રાજતા રે લોલ
પ્રભુ ભવ અટવી સાર્થ વાહકે, મહાભટ ગાજતા રે લોલ

સાખી.

સમો વસરણ દીએ દેસના,
સુણે પર્ષદાબાર

વેર વિરોધ દુરે કરી, ઉતરવા ભવપાર
જોજન ભુમીમાં વિસ્તરી રે લોલ.
વાણી પાંત્રીસ ગુણે ભરી રે લોલ,
અરથથી અરિહંતજી કહેતે રે લોલ,
ભવિ ભવ તરવા સદહે રે લોલ.

સાખી

ત્રણ છત્ર શીર સોહતા,
ચામર ઢાળે ઈંદ્ર.
સુરતર વિદ્યાધર તમે, નમે દેવ દેવેંદ્ર.
કનક કમળ ઠવતા પ્રભુ પાય કે ભુમીપર વિચરતા રે લોલ
ચક્રી તીર્થંકર પદ ધાર કે, ભવી દુઃખ કચરતા રે લોલ
શાંતિ મંડળ પ્રભુ કરમ કટકવારી
ચરણુકમળ પ્રભુ શરણુ દ્યો શીવનારી૦ શાંતિ જીનેશ્વર.

---

(૨૨)

(ડાંડીયા રાસ)

ચાલો ચાલો ચતુરનર આજ, જીનમુખ જોવાને;
નમું તારણુ તરણુ જહાજ ભવદુઃખ ખોવાને.
જપી જાપ સદા જીનરાજ, અઘમળ ધોવાને,
જેથી કરીએ નીર્મળ કાજ, શીવવધૂ જોવાને. ચાલો૦ ૧
વિધી સહિત સ્વામી સેવીએ સદા,
માગીએ છીએ મંગળ મહારાજરે,
અમને સંસાર સિંધુ તાત તારીએ,
આશરો અમોને પ્રભુ એક આપનો.
કરીએ સર્વજ્ઞ સુખ સા'યરે—અમને૦ ૨

મૃગમદ કેસર ચંદન ઘોળી,
અંબરવર ઘનસારને ઘોળી,
પૂજે મહાવીર જીન ટોળી,
તન મન વચન સુધારી—ચાલો૦ ૩
જાસુદ ફુલ અમુલ ચઢાવે,
શીવસુત કેશવ શીષ્ય નમાવે,
નિર્ભય સેવા બજાવે;
તન મન વચન સુધારી.
ચાલો ચાલો૦ ૪

(૨૩)
(મંગળીક)

હે પ્રભુ અરંક બાળ તુજને નમે,
દીન દયાળ દુઃખડા ટાળ જો હવે તમે,
આશ તુજ ધારી આજ, આવીયા અમે (૨) હે પ્રભુ૦ ૧
જૈન બાળ જ્ઞાન સભા કરજોડી કહે,
આવી આજ જૈન સમાજ પ્રીતથી નમે
હવે ફરી, **હેતે** હરી, ખરે ન ભવ ભમે—હે પ્રભુ૦ ૨

પદ્ય સંગ્રહ.

(૨૪)

(ખુને જીગરકે પ્રીતે હય બસ ગમ્મે તેરે યાર, રાગ—**આશાવરી.**)
મહાવીર તમારી મનહર મુરતી, દેખી મન હરખાય,
પ્રભુ વિધ વિધ પુષ્પ મંગાવું, પછી તેની માળ બનાવું,
લઈ આપ ચરણમાં આવું; એવી ઈચ્છા મુને થાય. જિન. ૧

વળી તાલ મૃદંગ બજાવું, તતા થઇ નાચ નચાવું;
રૂડાં સ્તવન સંભળાવું. **શ્રી મહાવીર મંડળ** ગાય. જિન. ૨

---

(૨૫)

(કસુંબી કસુંબી કસુંબી, કસુંબી રંગ હોગયે એ રાગ)

શાંતિજી શાંતિજી શાંતિજી૦ છાંતિજી પ્રભુ મિલ ગયો. ૨
સફળ હુઓ અવતાર આજે શાંતિજી પ્રભુ મીલગયે
એકતો મેં દરિશન. મેં દરિશન, મેં દરિશન હું આયો (૨)
મુખ દેખી દુઃખ હુઓ દૂર, આજે શાંતિજી પ્રભુ મીલગયે
શાંતીજી શાંતીજી શાંતીજી૦ ૧
એકતો મનમોહ્યું, મનમોહ્યું, મનમોહ્યું, તારા રૂપને (૨)
ભૂલ્યો કુરૂપ સંસાર; આજે શાંતીજી પ્રભુ મીલગયે.
શાંતિજી શાંતિજી શાંતિજી૦ ૨
એકતો મેં પાપી, મેં પાપી મેં પાપી પાપ ધોયું. (૨)
પ્રભુ ગુણ સરોવર માંહ્ય, આજે શાંતિજી પભુ મીલગયે.
શાંતિજી શાંતિજી શાંતિજી૦ ૩
એક તો તું ત્રાતા. તું ત્રાતા, તું ત્રાતા તું ભ્રાતા (૨)
તુજ સમ અવર ન કોય, આજે શાંતિજી પ્રભુ મિલગયે.
શાંતિજી શાંતિજી શાંતિજી૦ ૪
એક તો ગુણગાયા, ગુણગાયા, ગુણગાયા **મહાવીરમંડળે** (૨)
પ્રાણકે પ્રાણ આધાર, આજે શાંતિજી પ્રભુ મીલગયે
શાંતિજી શાંતિજી શાંતિજી૦ ૫

---

(૨૬)

(આશક તો હો રહાહું, ચાહે બોલો યા ન બોલો)

રાગ ગઝલ કવાલ્લી.

પૂજનતો કર રહાહું, ચાહે તારો યા ન તારો.
પ્રભુ તીર્થ સ્વામી તુમ હો, નિજ તીર્થ આદિ તુમહો,
તુમ તીર્થ આ રહાહું, ચાહે તારો યા ન તારો–પૂ૦ ૧
પ્રભુ ધ્યેય નામ તુમારા, ધ્યાતા હૈ નામ હમારા,
તુમ ધ્યાન લા રહાહું, ચાહે તારો યા ન તારો–પૂ૦ ૨
મંત્રી વિમલકો કીનો, વિમલાત્મરૂપ પીનો;
મૈ ભી વો ચા રહાહું, ચાહે તારો યા ન તારો–પૂ૦ ૩
મંત્રીજી વસ્તુપાલા, લઘુભાઇ તેજપાલા;
તસ નામ ગા રહાહું. ચાહે તારો યા ન તારો–પૂ૦ ૪
મુખ ચાર સુખ વર્ષે, પ્રભુ આત્મ લક્ષ્મી હર્ષે,
વલ્લભ તો પા રહાહું, ચાહે તારો યા ન તારો–પૂ૦ ૫

---

(૨૭)

રાગ–વાઘેસરી

રાગ (લાગી લગન મુને તારી–ઓ લલના–)

સુરતરૂ આજ ફલ્યોરે–– આંગણુ મ્હારે.
સુરતરૂ આજ ફલ્યો––(૨)
દેવાદિ દેવ મલ્યોરે–– આંગણુ મ્હારે.
દેવ મિથ્યાત્વી કોટી મેં દીઠા,
તો પણુ હું ન ચલ્યોરે–– આંગણુ મ્હારે.
શાશન ત્હારૂ પામી સ્વામી,
ધર્મ મેં સાચો કલ્યોરે–– આંગણુ મ્હારે.

જાગી ભાગ્ય દયા પ્રભુ મ્હારી
ભવનો ફેરો ટળ્યોરે— આંગણુ મ્હારે
હરનીશ હે ? જીન તુજ ગુણુ ગાવા,
ચંદ્રોદયમાં ભુલ્યોરે આંગણુ મ્હારે

(૨૮)

રાગ (કાનુડા તારી કામણુ કરનારી વૃજમાં વાંસલડી વાગી)
જીણુંદા ત્હારી ભવ ભય હરનારી, મુર્તિ પ્યારી બહુ લાગે
મહારાજા ત્હારી ભવભય હરનારી, મુરતી પ્યારી બહુ લાગે
છોગાળા ત્હારી ભવભય હરનારી,
મુર્તી પ્યારી બહુ લાગે. જીણુંદા૦ ૧
હું પામ્યો (૨) પ્રેમે પેખી જાઉં વારી
મુરતી પ્યારી બહુ લાગે–જીણુંદા૦ ૨
છે **ચંદ્રોદય** આધાર, મુરતી પ્યારી બહુ લાગે–જીણુંદા૦ ૩

(૨૯)

રાગ (આશાવરી)

આશા ઓરનકી કયા કીજે, જ્ઞાન સુધારસ પીજે– આશા
ભટકે દ્વાર દ્વાર લોકનકે, કૂકર આશા ધારી,
આતમ અનુભવ રસકે રસીયા, ઉતરે ન કબહુ ખુમારી આ૦ ૧
આશા દાસી કે જે જાયે; તે જન જગકે દાસા,
આશા દાસી કરે જે નાયક લાયક અનુભવ પ્યાસા આ૦ ૨
મનસા પ્યાલા, પ્રેમ મસાલા, બ્રહ્મઅગ્નિ પરજાલી,
તન ભાઠી અવટાઈ પીયે કસ, જાગે અનુભવ લાલી આ૦ ૩
અગમ પીયાલા પીયો મતવાલા, ચિન્હી અધ્યાત્મવાસા,
આનંદઘન વ્હે ચેતન ખેલે, દેખે લોક તમાસા આશા૦ ૪

(૩૦)

રાગ–(રમતી ગમતી હમુને સાહેલી, બે હુમલી લીજીયે
એક તાલીરે, સખી આજ અનોપમ દીવાળી.)

હરતાં, ફરતાં, વીર સમરીયે, વીરનું ધ્યાન સદા ધરીએ;
રે સખી આજ ઓચ્છવ વીરનો કરીએ.

ત્રીશલા ઘેર જગનાયક જન્મ્યા, ચૈતર તેરશ ઉજવીએ.
–રે સખી આજ૦ ૧

બાળપણે જેને દેવ હરાવ્યો, ક્રિડા કરી ડરી નહિ જઇએ.
–રે સખી આજ૦ ૨

ત્રીસે વર્ષે સંજમ વરીયા, ધન્ય તે દિનને ધન્ય ઘડીએ.
–રે સખી આજ૦ ૩

દીક્ષા લેઈ પ્રભુ જનને તાર્યા, એ ઉંપદેશને આદરીયે.
–રે સખી આજ૦ ૪

સંગમ સુરના સહી ઉપસર્ગો, પામ્યા કસોટી ખરેખરી એ.
–રે સખી આજ૦ ૫

કર્ણમાં ખીલા નાખ્યા ગોવાળે, તોપણ ક્રોધનાવ્યો જરીએ.
–રે સખી આજ૦ ૬

ચંડ કૌશકી બુઝવી પ્રભુ બોલ્યા, સમતાથી શીવ સુખવરીએ.
–રે સખી આજ૦ ૭

અતુળી બળી શ્રી વીર પ્રભુનું, જીવન સાંભળીને સુધરીએ.
–રે સખી આજ૦ ૮

વીર ગુણ ગાવો વીરને ધ્યાવો, વીર પસાયે ભવ તરીયે.
–રે સખી આજ૦ ૯

દીવાળી દીન મોક્ષ જે પામ્યા, એ વીર ચંદ્રોદય સ્મરીયે.
–રે સખી આજ૦ ૧૦

(૩૧)

કુમ કુમને પગલે પધારો રાજ-કુમ કુમને પગલે.

સંસાર છોડી સંજમ આદરવા, દાન દીધા ઢગલે-પધારો૦ ૧

શીવીકા દેવી સહસ પુરૂષશે, પ્રભુ બેસી સઘલે-પધારો૦ ૨

વન જઈ પ્રભુ દીક્ષા લીધી, ઉપજે જ્ઞાન ચોથું ઢગલે-પધારો૦ ૩

કર્મ ખપાવી કેવળ લીધું, મોક્ષે પહોંચ્યાને એ એક મજલે-
પધારો૦ ૪

નથુ કલ્યાણ કહે, ચેતનને તુંતો, એવા પ્રભુ ભજલે-
પધારો રાજ-કુમ કુમને પગલે૦ ૫

---

(૩૨)

રાગ-(શી કહું કથની મ્હાર.)

હું ચહું શરણું ત્હારૂં રાજ, હું ચહું શરણું ત્હારૂં;
હુંતો ધ્યાનજ આપનું ધારૂં રાજ- હું ચહું૦ ૧

પુન્ય પસાયે પ્રાણથી પ્યારા, પામ્યો પ્રભુ પરનામી;
વ્હાલા વિભુશ્રી વીરને વન્દતા, વિપત્તી વેગેવામી.
રાજ-હું ચહું૦ ૨

કર્મ કલંકી કીંકર કેરા, કર્મને કાપો કૃપાળુ;
દયાના દરીયા દાસના દુઃખને દુર કરો હે દયાળુ.
રાજ-હું ચહું૦ ૩

અંતરજામી આપની આશે, આવ્યો હું આવારે,
શ્રી ચંદ્રોદય મંડળીને, આપ વિના કોણ તારે.
રાજ-હું ચહું શરણું૦- ૪

---

(૩૩)

(આરે નાજુકડે ના વલીએ દિલ લોભાવીયું રે) રાગ-ભેરવી.

જુઠું જુઠું જીવીત ખરૂં જાણુમારે;
ખરૂં જાણુમાં રે સાચું જાણુમાં રે- જુઠું૦ ૧
જુઠી જનની જુઠી કાયા, જુઠી મોહ ભરેલી માયા;
કાચ કુપો એ કાયા, મમતા માણુ મારે- જુઠું૦ ૨
ગગને જામ્યો વાદળ ગોટો, પાણીમાં પ્રગટયો પરપોટો;
ખેલ બધો એમ ખોટો, મમતા માણુમારે- જુઠું૦ ૩
ફેલ કરીને ફોગટ ફટકયો, પ્રભુજીને શરણે નવ અટકયો;
ભેદ વિના તું ભટકયો, ચારે ખાણુમા રે- જુઠું૦ ૪

---

(૩૪)

પ્યારો લાગે મને સારો લાગે,
હરિશનમેં ગંભીરોજી પ્યારો લાગે;
સોના કેરી ઝારીયાં ને માંહે ભર્યા પાણી,
ન્હવણ કરૂં મેરા જિનજીકે અંગ-દરિશનમેં૦ ૧
કેશર ચંદન ભર્યારે કચોળાં,
પૂજા કરૂં મેરા પ્રભુજી કે અંગ-દરિશનમેં૦ ૨
ધૂપ ધ્યાન ઘટા અનહદ હે,
લળી લળી શિર નમાવત હે-દરિશનમેં૦ ૩
ફુલ ગુલાભકી આંગી બની હે,
હાર પહેરાવું મેરા જિનજીકે અંગ-દરિશનમેં૦ ૪
આનંદઘન પ્રભુ ચલત પંથમેં,
જ્યોતસેં જ્યોત મિલાવત હે-દરિશનમેં૦ ૫

---

(૩૫)

(રાગ–આશાવરી.

કરમકી કૈસે કટે ફાંસી. (૨)

સંજમ શિવસુખ સેજ તજ કર, દુરગતિ દિલ ભાસી;
ધર્મ ઉપર ધાડું તેં પાડયું, જ્ઞાન ગયું નાસી. કરમકી૦ ૧
હિંસા કરી તેને હાર હીયાકો, દયા કરી દાસી;
કામદાર થારે–ક્રોધ બન્યો હે, મમત બની માસી. કરમકી૦ ૨
કહે **જિનદાસ** મેં પાપ પ્રભાવે, પાયો હું તન રાસિ;
નવી ખરચી મેં પલે ન બાંધી, ખાઇ ખોઈ વાસી. કરમકી૦ ૩

---

(૩૬)

(રાગ–ભીમપલાસ.]

નથી જગતમાં સાથ સંબંધી વીના ત્રિભુવન થાય;
શું ફોગટ ફાંફાં મારો મુરખડા, ભરે આભ શું બાથ.
કમળ પત્ર પર જળબીંદુને સુકાતાં શીવાર;
શ્રાવણની જળ ભરી વાદળીયો, વિખરાતાં શી વાર.
જીવતર સમજવું તેવું, આખર ન લેવું દેવું.
જીવ જવું છે ખાલી હાથ, અંતમાં પાપપુન્ય સંગાથ–નથી૦ ૧

સાખી.

પંથીજન પામી ગયો, નર ભવ નગર બજ્જર;
સોદાગર સમજી જઈ, કરો પુણ્ય વેપાર.
જીવતર૦ આખર૦ જીવ૦ નથી૦ ૨

---

(૩૭)

રાગ–(બલિહારી રસીયા ગિરધારી)

બલીહારી બલીહારી બલીહારી, જગનાથ હો જાઉંતોરી,
શાંતિજીન શાંતિ સેવક દિજીએ જી.
કાળ અનાદિ કેરા, ફિરતાહું જગમેં ફેરા;
અંત ન આયો જિન ઉપકારી–જગનાથ૦ ૧
પુણ્ય ઉદય પાયો, ચરણુ સરણુ દાયો;
ઓર ન તુમ સમ જગદાતારી–જગનાથ૦ ૨
ચિદ ઘનનામી સ્વામી. શિવપદ ગામી પામી;
ખોટ ન માનું અબ હિતકારી-જગનાથ૦ ૩
દીન અનાથ નાથ, ગ્રહીઓ મેં હાથ સાથ;
દોષ ન રંચક ગુણુ ભંડારી–જગનાથ૦ ૪
આતમસુખ આપો, **વલ્લભ** દુઃખ કાપો;
ફેર ન લેઉં ભવ અવતારી–જગનાથ૦ ૫

(૩૮)

સમેત શીખર ચાલો જઇએ મોરી સજની, (૨)
સમેત શીખર ચાલો જઈએ રે,
દેશ દેશકા જાત્રાળુ આવે, અતીસુખ (૨) ચાહીએરે;
અતી સુખ અતી સુખ ચાહીએ મોરી સજની. સમેત૦ ૧
વિશે ટુંકે વીશ જીનેશ્વર, વંદીને પાવન થઈએ રે,
વંદિને પાવન થઈએ મોરી સજની. સમેત૦ ૨
મનવચ કાયા પદક્ષણા દેકર,મુકતી પરમપદ લહીએરે;
મુકિત પરમપદ લહીએ મોરી સજની. સમેત૦ ૩

(૩૯)

પંથીડા પ્યારા મુસાફર ખાનું ન તારૂં;
ઉચાળો ભરસો, અણ ધર્યો નિરધારૂં.
વાદળગોટો, જળ પરપોટો, ખેલ જગતનો ખોટો;
કાયા કાચ કુંભ પકડશે, કાળ કંથનો ટોટોરે–
પંથીડા૦ ૧
પર્ણ કુટીમાં રહ્યો મુસાફર, કાયમનો હક માગી;
પવન પ્રચંડે પડે કુટી તવ, જાય મુસાફર ભાગીરે–
પંથીડા૦ ૨
અવધે જીર્ણ ઝરૂખાં પડશે, નિશ્ચે હંસા જાણે;
નવિન મહેલ પણ વાવા ઝરડે,પડે અચીંત્ય અજાણ્યો રે–
પંથીડા૦ ૩
એક દિન જીવ વિના કાયાની, તાણી બાંધશે ઝોળી,
સ્વજન સંબંધી કુંકી બાળશે, જેમ ફાગણની હોળીરે–
પંથીડા૦ ૪
પંથીડા પરદેશ જવાનું, એક દિન નિશ્ચે જાણો;
સાકળચંદ કહે સત સંગે, જગનો નાથ પીછાણો–
પંથીડા૦ ૫

---

(૪૦)

જાયા તે જરૂર જવાના, જગતમાં જાયા તે જરૂર જવાના;
જેવા હોય વંટોળીઆ વાના– જગતમાં૦ ૧
હું હું કરીને દે છે હુંકારો, તે તન માને છે મારૂં,
દિપક જ્યોતિની પેરે બુઝાતાં, આવી રહે છે અંધારૂં–
જગતમાં૦ ૨

મરણુ પછી જવું શરણુ કોણુને, તે હશે કેવે રૂપે;
જીવ સ્વરૂપ જીવતા ન જોવું, તે પડીયા ભવ કુપે-
જગતમાં૦ ૩

૪૧

(રાગ––આશાવરી)

બેર બેર નહિ આવે હો, અવસર બેર બેર નહિ આવે.
જ્યું જાણે ત્યું કર લે ભલાઈ, જનમ જનમ સુખ પાવે
અવસર૦ ૧
તન ધન જોબન સબહિ જુઠો, પ્રાણ પલકમેં જાવે
અવસર૦ ૨
તન છુટે ધન કૌન કામનો ! કાયકું કૃપણ કહાવે.
અવસર૦ ૩
જા કે દિલમેં સાચ બસત હે, તાકૂં જુઠ ન ભાવે, અવસર૦ ૪
આનંદઘન પ્રભુ **ચલત પંથમેં**, સમરી સમરી ગુણ ગાવે
અવસર૦ ૫

૪૨

અણુધારી––મુસાફરી.

રાગ (સંસાર સમજ લે શાણા મુસાફીરખાનું)

અણુધાર્યુ ત્હારે પ્રાણી, અન્તે જવાનું,
ધાર્યું તો ધુળધાણી પળમાં થવાનું.
પ્રાણી––અન્તે જવાનું૦ ૧
બગી, બગીચાને, માળો તણો ઠાઠમાઠ ઠાલો,
માયાની, મમતા મુકી, ત્હારે મરવાનું.
પ્રાણી––અન્તે જવાનું૦ ૨

સાખી—હરીગીત.

શોભિત હર્મ્યો હાટ કે, જંગલ વસે બળસે નહિ,
કોટી પ્રયોગો કેળવો, પણ અમરપટ મળશે નહિ,
કોઈ આજ કે કોઈ કાલ, ચોથે ચીઠ્ઠી આવ્યે ચાલશે,
મકલાઈશમાં હે માનવી, જમરાજ એક દિન ઝાલશે.
પ્રભુ ગુણ ગાન ગાજે, પળે પળે પ્રાણી,
મનાનન્દ સુખ જેથી ઝટ મળવાનું,
પ્રાણી—અન્તે૦ ૩

---

(૪૩)

(રાગ ગઝલ)

જીંદગી જાના હૈ જરૂર, દિનકી ખરાબી હો રહી,
અકલ ભી તેરી ગુમ ગઈ, કિતાબ જો રહી૦ ૧
બદૌલત નસીબા ટુક મીલા, જિનપર મિજાજી મત કરો.
બેશક કરો કુરમાન હૈ, જમી જમાના મત ભરો૦ ૨
ખૈરાત કીસ્મત નેકરી, ખલકત ગુજારા હૈ,
ફકીર હો યા અમિર હો, આસ્માનકા તારા હે૦ ૩
જનરલ ગર્વનર રાવ રાણે, સુલતાન સિકંદર પીર નચે,
હકદાર જમીમે જાગીરે ખત, ખ્યાલ ખતમ સબ હોગયે૦ ૪
યકીન કરો, ને કીન કરો, બુરા ભી દિલ ટુક મત કરો,
આખીર પ્રભુકો નૂર હોગા, આપ કિસીસે મત ડરો૦ ૫

(મંગળીક)

(૪૪)

(ઝેર ગયાં, ને વેર ગયાં—એ રાગ.)

અરિહંત નમો, નમો સિદ્ધ નમો, નમો આયરિય ઉવઝાય નમો,
નમો નમો સબ સાધુ નિરંજન, કેવલી કહ્યા જીન ધર્મનમો૦ ૧
બાર દેવલોકે, નવ ગ્રૈવય કે, પાંચ અનુત્તર ચૈત્ય નમો.
ભુવનપતિ વ્યંતર નંદીશ્વર, શાશ્વતા શાશ્વત ચૈત્ય નમો૦ ૨
શતુંજય અષ્ટાપદ ગિરનારે, પાવા ચંપા સમેત શિખર નમો
ચતુર્વિધ શ્રી સંઘ મંગળીક ભણુતા; ભક્ત ભણે નીત નીત
નમો૦ ૩

---

(૪૫)

મંગલીક

ઉત્સવ રંગ વધામણી, પ્રભુ પાર્શ્વને નામે,
કલ્યાણીક ઉત્સવ થયો, ચડતે પરીણામે.
શત વર્ષાયુ જીવીને, અક્ષય સુખ સ્વામી;
તુમ પદ સેવા ભક્તિમાં, નવિ રાખું ખામી;
સાચી ભક્તિ સાહેબા, રીઝો એક વેળા,
શ્રી શુભ વીર હુવે સદા, મનવાંછીત મેળા,

સમાપ્ત.

અથ શ્રી મહાવીર પ્રભુના પારણા.

ભાગ ૪ થો.

માતા ત્રીશલા ઝુલાવે પુત્ર પારણે.

(૧)

માતા ત્રિશલા ઝુલાવે પુત્ર પારણે,
ગાવે હાલો હાલો હાલરૂવાંના ગીત;
સોના રૂપાને વળી રત્ને જડીયું પારણું,
રેશમ દોરી ઘુઘરી વાગે છુમ છુમ રીત,
હાલો હાલો હાલો હાલો મારા નંદને ૧
જિનજી પાસપ્રભુથી વરસ અઢીસેં અંતરે,
હોશે ચોવીસમો તિર્થંકર જિન પરિણામ.
કેશીસ્વામી મુખથી એહવી વાણી સાંભળી,
સાચી સાચી હુઈ તે મારે અમૃત વાંણ, હાલો૦ ૨
ચૌદે સ્વપ્ને હોવે ચક્રી કે જિનરાજજી,
વિત્યા બારે ચક્રી નહીં હવે ચક્રીરાજ;
જિનજી પાસપ્રભૂના શ્રી કેશિ ગણધાર,
તેહને વચને જાણ્યા ચોવીસમા જિનરાજ.
મારી કુખે આવ્યા ત્રણ ભુવન શિરતાજ,
મારી કુખે આવ્યા તરણ તારણ જિનરાજ.
હુંતો પૂન્ય પનોતી ઇંદ્રાણી થઇ આજ હાલો૦ ૩
મુજને દોહલો ઉપન્યો બેસુ ગજ અંબાડીએ
સિંહાસનપર બેસું ચામર છત્ર ધરાઈ,
એ સહુ લક્ષણ મુજને નંદન તારા તેજનાં;
તે દિન સંભારૂં ને આનંદ અંગ ન માય હાલો૦ ૪

કરતલ પગતલ લક્ષણુ એક હજારને આઠ છે,
તેહથી નિશ્ચય જાણ્યા જિનવર શ્રી જગદીશ,
નંદન જમણી જંઘે લંછન સિંહ બિરાજતો,
મેં તો પહેલે સુપને દીઠો વીશવાવીશ હાલો० ૫

નંદન નવલા બંધવ નંદિવર્દ્ધનના તમે,
નંદન ભોજાઇઓના દિયર છો સુકુમાળ;
હસશે ભોજાઇઓ કહી લાડકા દિયર માહરા,
હસસે રમસેને વળી ચુટી ખણુશે ગાલ,
હસસે રમશેને વળી ઠુંસા દેસે ગાલ હાલો० ૬

નંદન નવલા ચેડારાજાના ભાણેજ છો,
નંદન નવલી પાંચસે મામીના ભાણેજ છો,
નંદન મામલીયાના ભાણેજા સુકુમાળ,
હસશે હાથ ઉછાળી કહીને નાના ભાણેજા,
આંખો આંજીને વળી ટમકું કરશે ગાલ હાલો० ૭

નંદન મામા મામી લાવશે ટોપી આંગલાં,
રત્ને જડીયા ઝુલડો મોતી કસબી કોર;
લીલાં પીળાંને વળી રાતાં સરવે જાતનાં
પહેરાવશે મામી મારા નંદકીશોર હાલો० ૮

નંદન ગજવે ભરશે લાડુ મોતીચુર;
નંદન મુખડાં જોઇને લેશે મામી ભામણાં
નંદન મામી કહેશે જીવો સુખ ભરપુર. હાલો० ૯

નંદન નવલા ચેડા મામાની સાતે સતી,
મારી ભત્રીજીને બેન તમારી નંદ;

તે પણ ગુંજે ભરવા લાકડસાઇ લાવશે,
તેમને જોઈ જોઇ હોંશે અધિકો પરમાનંદ હાલો૦ ૧૦

રમવા કાજે લાવશો લાખ ટકાનો ઘુઘરો,
વળી સૂડા મેનાં પોપટને ગજરાજ,
સારસ હંસ કોયલ તીત્તરને વળી મોરજી,
મામી લાવશે રમવા નંદ તમારે કાજ. હાલો૦ ૧૧

છપ્પન કુમારી અમરી જળકળશે નવરાવીઆ,
નંદન તમને અમને કેલીઘરની માંહે,
ફુલની વૃષ્ટિ કીધી યોજન એકને માંડલે.
બહુ ચિરંજીવો આશિષ દીધી તુમને ત્યાંહ હાલો. ૧૨

તમને મેરૂ ગિરિપર સુરપતિએ નવરાવિઆ,
નિરખી નિરખ્યા હરખી મુકત લાભ કમાય;
મુખડા ઉપર વારૂ કોટી કોટી ચંદ્રમા,
વળી તનપર વારૂ ગોરી ગુણ સમુદાય. હાલો૦ ૧૩

નંદન નવલા ભણવા નિશાળે પણ મુકશું,
ગજપરે અંબાડી બેસાડી મોટે સાજ;
પસલી ભરશું શ્રીફળ ફોફળ નાગરવેલશું,
સુખડલી લેશું નિશાળીઆને કાજ. હાલો૦ ૧૪

નંદન નવલા મહોટા થાશોને પરણાવશું,
વહુવર સરખી જોડી લાવશું રાજકુમાર;
સરખા વેવાઇ વેવાણો પધરાવશું,
વરવહુ પોંખી લેશું જોઇ જોઈને દેદાર હાલો૦ ૧૫

સાસરૂ પીઅર મારા બેઉ પખ નંદન ઉજળા,

માહરી કુખે આવ્યા તાત પનોતનંદ;
માહરે આંગણ ત્રુઠયા અમૃત દુધે મેહલા,
મારે આંગણ ફળીયા સુરતરૂ સુખના કંદ હાલો૦ ૧૬
એણીપેરે ગાતું માતા ત્રિશલા સુતનું પારણું,
જે કોઈ ગાશે પુત્રતણા સામ્રાજ,
બિલીમોરા નગરે વરણ્યું વીરનું હાલરૂં,
જય જય મંગળ હોજો દીપવિજય કવિરાજ.
હાલો હાલો હાલો મારા નંદને. ૧૭

શ્રી મહાવીર પ્રભુનું પારણું.

ઝુલાવે માઈ વીરકુંવર પારણે, વીરકુંવર પારણે—ઝુલાવે૦
રત્નજડીત સોનેકા પારણા, દોરી જરીની ઝાલને—ઝુ૦ ૧
મણી મોતી અરકે ઝુમકે નીકે, ઘુઘરી ઘમક કારણે—ઝુ૦ ૨
રત્ન દામ શ્રીધામ, ગેંદકપર, કરે પ્રભુજી ખ્યાલને—ઝુ૦ ૩
મેનાં મોર શુક સારસ સુંદર, હરખ કુંવર પાલને—ઝુ૦ ૪
છપ્નદીક કુંવરી હુલરાવે. બજાવે બજાવે તાલને—ઝુ૦ ૫
ત્રીશલા માતા આનંદીત હોવે, નીરખ નીરખ બાળને—ઝુ૦ ૬
હંસ કહે પ્રભુ પારણે પોઢયા, જાણે જગત ઝાલને—ઝુ૦ ૭

---

(૩)

છાનો મોરા છબ, છાનો મોરા વીર, પછે તમારી દોરી તાણું
મહાવીર કુંવર ઝુલે પારણીએ ઝુલે—
હીરના છે દોર, ઘુમે છે મોર કોયલડી સુરનારી. મ૦ ૧

ઈંદ્રાણી આવે, હાલણુ હુલણુ લાવે, વીરને હેતે કરી હુલરાવે
મહાવીર૦ ૨

સુંદર બહેની આવે, આભુષણુ લાવે, ખાજા રૂડા લાવે,
મોતીચુર ભાવે, વીરને હેતે કરી જમાડે—મહા૦ ૩
વીર મોટા થાશે, નીશાળે ભણુવા જાશે,
અને ત્રીશલામાતા હરખાશે. મહા૦ ૪
નંદિ વર્ધન આવે, રાણી રૂડી લાવે, વીરને હેતે કરી
પરણાવે—મહા૦ ૫
વીર મ્હોટા થાશે, જગતમાં ગવાશે,
એમ કાંતી વીજય ગુણુગાશે.
મહાવીર કુંવર ઝુલે પારણીએ ઝુલે

શ્રી પુન્ય પ્રકાશનું સ્તવન.

દોહરા.

સકલ સિદ્ધિદાયક સદા, ચોવીશે જીનરાય,
સદગુરૂ સ્વામિનિ સરસ્વતી, પ્રેમે પ્રણામું પાય. ૧
ત્રિભુવન પતી ત્રીશલા તણો, નંદન ગુણ ગંભીર,
શાસન નાયક જગ જયો, વર્ધમાન વડ વીર. ૨
એક દિન વીર જીણંદને, ચરણે કરી પ્રણામ;
ભવિક જીવના હિત ભણી, પૂછે ગૌતમ સ્વામી. ૩
મુક્તિ માર્ગ આરાધીએ, કહો કીણુપેરે અરિહંત,
સુધા સરસ તવ વચન રસ, ભાખે શ્રીભગવંત. ૪

અતિચાર આ લોઈએ, વૃત ધરીએ ગુરુશાખ;
જીવ ખમાવો સયળજે, યોની ચોરાશી લાખ. ૫

વિધીશું વળી વોસરાવીયે, પાપસ્થાન અઢાર,
ચાર શરણુ નીત્ય અનુસરો, નિંદો દુરીતા ચાર. ૬

શુભકરણી અનુમોદિએ, ભાવ ભલો મન આણુ;
અણુસણુ અવસર આદરી, નવ પદ જયો સુજાણુ. ૭

શુભ ગતી આરાધન તણા, એ છે દશ અધિકાર,
ચિત્ત આણીને આદરો, જેમ પામો ભવપાર. ૮

ઢાળ ૧ લી.

જ્ઞાન દરીશણુ ચરિત્ર તપ વીરજ, એ પાંચે આચાર,
એહ તણા ઇહ ભવપર ભવના, આલોઈએ અતિચારરે.
પ્રાણી જ્ઞાન ભણો ગુણ:ખાણી, વીરવદે એમ વાણી પ્રાણી૦૧
ગુરુ ઓળવીએ નહિ ગુરૂ વીનયે, કાળે ધરી બહુમાન.
સુત્ર અર્થ તદુભય કરી સુદ્ધાં, ભણીએ વહી ઉપધાનરે.
પ્રાણી૦ ૨

શોનો પગરણુ પાટી પોથી, ઠવણી નોકારવાળી,
તેહ તણી કીધી આશાતના, જ્ઞાન ભકિત ન સંભાળીરે,
ઇત્યાદિક વીપરોત પણાથી, જ્ઞાન વિરાધ્યું જેહ,
આ ભવ પરભવ વળીરે ભવોભવ, મિચ્છામિ દુકકડં તેહરે.
પ્રાણી૦ ૪

સમકીત લ્યો શુદ્ધ જાણી, વીરવદે એમ વાણીરે;
જીન વચને શંકા નવી કીજે, નવિ પરમત અભિલાખ;

સાધુ તણી નિંદા પરિહરજો, ફળ સંદેહમાં રાખરે. પ્રાણી૦ ૫
મુઢપણું છંડો પ્રશંસા, ગુણવંતને આદરીયે
સામીને ધરમે કરી સ્થીરતા, ભક્તિ પ્રભાવના કરીએરે.
પ્રાણી૦ ૬

સંઘ ચૈત્ય પાસાદ તણો, જે આવર્ણવાદ મતિ લેખ્યો,
દ્રવ્ય દેવકો જે વિણુસાડયો, વિણુ સંતો ઉવેખ્યોરે પ્રા૦ ૭
ઇત્યાદીક વીપરીતપણાથી, સમકિત ખંડયું જેહ;
આ ભવ પરભવ વળીરે ભવોભવ, મિચ્છામિ દુક્કડં તેહરે.
પ્રાણી૦ ૮

ચારિત્ર લ્યો ચિત્ત આણીરે, પ્રા૦
પાંચ સુમતી ત્રણ ગુપ્તી વિરાધી, આઠે પ્રવચનમાય;
સાધુ તણો ધર્મે પરમાદે, અશુદ્ધ વચન મન કાયરે
પ્રા૦ ચા૦ ૯

શ્રાવકને ધર્મે સામાયક પોસહમાં મનવાળી
જે જયણાપુર્વક એ આઠે પ્રવચન માય ન પાળીરે.
પ્રા૦ ચા૦ ૧૦

ઇત્યાદિક વીપરીતપણાથી, ચારીત્ર ડોળ્યું જેહ, આ૦ મિ૦
પ્રાણી૦ ૧૧

બારે ભેદે તપ નવિ કીધો, તે જોગે નિજ શકતે;
ધર્મે મન વચનકાયા વીરજ, નવી ફોરવીઉં ભગતેરે.
પ્રાણી૦ ચા૦ ૧૨

તપ વિરજ આચારે એણીપેરે, વિવિધ વિરાધ્યા જેહ,
આ૦ મિ૦ પ્રા૦ ચા૦ ૧૩

વળીએ વિશેષ ચારીત્ર કેરા, અતીચાર આલોઇએ,
વીરજીનેશ્વર વચણ સુણીને, પાપ મેલ સવી ધોઈએ.
પ્રાણી૦ ચા૦ ૧૪

ઢાળ. ૨ જી.

પૃથ્વી, પાણી, તેઉ વાયુ વનસ્પતી,
એ પાંચે થાવર કહ્યાંરે,
કરી કરસણ આરંભ, ખેત્રજે ખેડીયા,
કુવા તળાવ ખણાવીયારે;
ઘર આરંભ અનેક, ટાંકા ભોંયરા,
મેડી માળ ચણાવીયાંરે,
લિપણ ગુંપણ કાજ એણી પેરે
પરપેરે પૃથ્વીકાય વિરાધીયારે.
ધોયણ નાહણ પ્રાણી ઝીલણ;
અપકાય છોતિ ધોતિ કરી દુહવ્યારે,
ભાઠી ઘર કુંભાર, લોહ સોવનગરા,
ભાડ ભુંજા લીહાળાગરોરે.
તાપણ સેકણ કાજ, વસ્ત્ર નીખારણ,
રંગણ રાંધણ રસવતીએ,
એણીપરે કર્યાદાન પરેપરે કેળવી,
તેઉ વાયુ વિરાધીયાએ.
વાડી વન આરામ, વાવી વનસ્પતિ,
પાન ફળફુલ ચુંટીયારે,
પુંખ પાપડી શાક, શેકયાં સુકવ્યાં,

છેદયાં છુંદયા આવીઆરે.
અલશીને એરંડા ઘાણી ઘાલીને.
ઘણા તિલાદીક પીલીયારે,
ઘાલી કોલુ માંહે, પીલી શેરડી,
કંદમુળ ફળ વેચીયાએ.
એમ એકેંદ્રીય જીવ હણ્યા હણાવીયા,
હણતાં જે અનુમોધ્યાએ.
આભવ પરભવ જેહ, વળીય ભવોભવ,
તે મુજ મિચ્છામિ દુકકડંએ
ક્રમી સરમીયા, ક્રીડા ગાડર ગંડોલા,
ઇયળ પુરા અલસીયારે,
વાળા જળો ચુડેલી વિચરીત રસતણા,
વળી અપાણાં પ્રમુખનાંએ,
એમ બે ઇંદ્રીય જીવ જે મે દુહવ્યા,
તે મુજ મિચ્છામિ દુક્કડંએ,
ઉદેહી જુ લીખ, માકંડ મંકોડા,
ચાંચડ કીડી કંથુઆએ,
ગદ્ધિઆં ધીમેલ કાન ખજુરીયા,
ગીંગોડા ધનેરીયાએ.
એમ તે ઇંદ્રીય જીવ જે મેં દુહવ્યા,
તે મુજ મિચ્છામિ દુક્કડંએ
માખી મચ્છર ડાંસ, મસા પતંગીઆ,
કંસારી કોલીઆ વડાએ.
ઢિકણુ વિછુ તીડ ભમરા ભમરીયો,

કોતાં બગખડ માકડીએ.
એમ ચૌરેન્દ્રીય જીવ જે મેં દુહવ્યા,
તે મુજ મિચ્છામિ દુક્કડંએ.
જળમાં નાખી જાળરે, જળથળ દુહવ્યા,
વનમાં મૃગ સંતાપીયારે.
પીખ્યા પંખી જીવ, પાડી પાસમા,
પોપટ ઘાલ્યા પાંજરેએ.
એમ પંચેદ્રીય જીવ જે મેં દુહવ્યા,
તે મુજ મિચ્છામિ દુક્કડંએ.

ઢાળ ૩ જી

ક્રોધ લોભ ભય હાંસથીજી, બોલ્યા વચન અસત્ય
કુડ કરી ધન પારકાજી, લીધાં જેહ અદત્તરે,
જીનજી મિચ્છામિ દુક્કડં આજ, તુમ સાખે મહારાજરે. ૧
દેઈ સારૂ કાજરે જીનજી, મિચ્છામિ દુકકડં આજ,
દેવ મનુષ્ય તિર્યંચનાજી, મૈથુન સેવ્યા જેહ
વિષયા રસ લંપટ પણેજી, ઘણું વિટંબ્યો દેહરે. ૨
પરિગ્રહની મમતા કરીજી, ભવે ભવે મેળી આથ,
જે જીહાની તેહ તિહાં રહીજી, કોઈ ન આવી સાથરે. ૩
રયણી ભોજન જે કર્યાજી, કિધાં ભક્ષ અભક્ષ.
રસના રસની લાલચેજી, પાપ કર્યા પ્રત્યક્ષરે ૪
વ્રત લેઈ વિસારીયાજી, વળી ભાંગ્યા પચ્ચખાણ
કપટ હેતુ કીરીયા કરીજી, કિધા પાપ વખાણરે. ૫

ત્રણ ઢાળ આઠે દુહેજી, આલોઈઆ અતિચાર,
શિવગતિ આરાધન તણોજી એ પહેલો અધિકારરે ૬

ઢાળ ૪ થી.

પંચ મહાવ્રત આદરો સાહેલડીરે,
અથવા લ્યો વ્રત બારતો
યથા શકિત આદરો સાહેલડીરે,
પાળો નિર વિચાર તો. ૧
વ્રત લીધાં સંભારીએ સાહેલડીરે,
હડે ધરીએ વિચારતો.
શિવ ગતિ આરાધન તણો સાહેલડીરે,
એ બીજો અધિકારતો. ૨
જીવ સમે ખમાવીએ સાહેલડીરે,
યોની ચોરાસી લાખ તો.
મન શુદ્ધ કરી ખામણા સાહેલડીરે,
કોઈશું રોષ ન રાખ તો. ૩
સર્વ મિત્ર કરી વિનવો સાહેલડીરે,
કોઈ ન જાણો શત્રુ તો.
રાગ દ્વેષ એમ પરિહરો સાહેલડીરે.
કાજે જન્મ પવિત્ર તો. ૪
સ્વામી સંગ ખમાવીએ સાહેલીરે,
જે ઉપની અપ્રીતતો.
સજ્જન કુટુંબ કરો ખામણા સાહેલડીરે,

એ જીન શાસન રીત તો. ૫
ખમીએ ને ખમાવીએ સાહેલડીરે,
એહજ ધર્મનું સ્થાન જો,
શિવગતિ આરાધન તણો સાહેલીરે
એ ત્રીજો અધિકાર તો. ૬
મૃષાવાદ હિંસા ચોરી સાહેલડી,
ધન મુર્છા મૈથુન તો.
ક્રોધ માન માયા તૃષ્ણા સાહેલડીરે,
પ્રેમ દ્વેષ પૈશુન્ય તો. ૭
નિંદા કલહન કીજીએ સાહેલડીરે,
કુડો ન દિજે આળ તો.
રતિ અરતિ મિથ્યા તજો સાહેલડીરે,
માયા મોહ જંજાળ તો. ૮
ત્રિવીધી ત્રિવીધી વીસરાવીયે સાહેલડીરે
પાપસ્થાન અઢાર તો.
શિવગતિ આરાધન તણો સાહેલીરે,
એ ચોથો અધિકાર તો. ૯

ઢાળ ૫ મી.

જન્મ જરા મરણે કરીએ, આ સંસાર અસારતો,
કર્યા કરમ સહુ અનુભવે એ, કોઈ ન રાખણ હારતો,
શરણ એક અરિહંતનું એ, શરણ સિદ્ધ ભગવત તો,
શરણ ધર્મ શ્રીજૈનનોએ, સાધુ શરણ ગુણવંત તો.

અવરમોહ સવિ પરીહરીએરે, ચાર શરણુ ચીત ધારતો.
શિવગતિ આરાધન તણોએ, પાંચમો અધિકારતો.
આ ભવ પરભવ જે કર્યા એ, પાપ કર્મ કેઈ લાખતો,
આત્મ શિખે તે નિંદીએએ, પડિક્કમિએ ગુરૂ સાખ તો.
મિથ્યા વર્તા વિચાએ, જે ભાખ્યા ઉત્સુત્ર તો,
કુમતી કદાગ્રહને વશે એ, જે ઉથાપ્યા સુત્ર તો.
ઘડા ઘડાવ્યા જે ઘણાએ, ઘંટી હળ હથીયાર તો.
ભવ ભવ મેલી મુકીઆરે, કરતા જીવ સંહારતો.
પાપ કરીને પોષીયાએ, જન્મ જન્મ પરીવારતો.
જનમાંતર પહોચ્યાં પછીએ, ક્રોધ ન કીધી સારતો,
આ ભવ પરભવ જે કર્યાએ, એમ અધિકરણુ અનેક તો.
ત્રિવિધ ત્રિવિધ વોસરાવીએ એ, આણી હૃદય વિવેકતો,
દુષ્કૃત નિંદા એમ કરીએ, પાપ કરો પરિહાર તો.
શિવગતી આરાધન તણો, એ છઠ્ઠો અધિકારતો.

ઢાળ ૬ ઠી.

ધન ધન તે દિન માહરો, જીહાં કીધો ધર્મ,
દાન શીયલ તપ આદરી ટાળ્યાં દુષ્કર્મ. ધન૦ ૧
શેત્રુંજાદિક તીર્થની, જે કીધી જાત્ર.
જુગતે જીનવર પુજીયા, વળી પોંખ્યા પાત્ર. ધન૦ ૨
પુસ્તક જ્ઞાન લખાવીયા, જીર્ણોદ્ધર જીન ચૈત્ય;
સંઘ ચતુર્વિધ સાચવ્યા, એ સાતે ક્ષેત્ર. ધન૦ ૩
પડિક્કમણાં સુપરે કર્યાં અનુકંપા દાન,
સાધુ સુરી ઉવઝાયને, દીધાં બહુ માન. ધન૦ ૪

ધર્મ કાજ અનુમોદીએ, એમ વારંવાર
શિવગતી આરાધન તણો, સાતમો અધિકાર. ધન૦ ૫
ભાવ ભલો મન આણીએ, ચિત્ત આણી ઠામ,
સમતા ભાવે ભાવીએ, એ આતમરામ ધન૦ ૬
સુખદુઃખ કારણ જીવને, કોઈ અવર ન હોય,
કર્મ આપ જે આચર્યા, ભોગવીયે સોય ધન૦ ૭
સમતા વિણુ જે અનુસરે, પ્રાણી પુન્ય કામ,
છાર ઉપર તે લીંપણું, ઝાંખર ચિત્રામ ધન૦ ૮
ભાવ ભલી પરે ભાવીએ, એ ધર્મનો સાર
શિવગતી આરાધન તણો, એ આઠમો અધિકાર ધન૦ ૯

ઢાળ ૭ મી

હવે અવસર જાણી, કરીએ સલેસણુ સાર,
અણસણુ આદરીયે, પચકસી ચાર આહાર,
લલુતા સવિમુકી, છોડી મમતા રંગ,
એ આતમ ખેલે, સમતા જ્ઞાન તરંગ. ૧
ગતિ ચારે કીધા, આહાર અનંત નિઃસંક,
પણ તૃપ્તી ન પામ્યો, જીવ લાલચીયો રંક,
દુલહો એ વળીવળી, અણુસણુનો પરિણામ,
એહથી પામી જે, શિવ પદ સુરપદ ઠામ. ૨
ધન ધના શાલી ભદ્ર ખંધો મેઘ કુમાર,
અણુસણુ આરાધી, પામ્યા ભવનો પાર,
શિવમંદીર જાશે, કરી એક અવતાર,
આરાધન કેરો, એ નવમો અધિકાર. ૩

દશમે અધિકારે, મહા મંત્ર નવકાર,
મનથી નવી મુકો, શિવ સુખ ફળ સહકાર,
એ જપતાં જાયે, દુર્ગતી દોષ વિકાર
સુપરે એ સમરો, ચૌદ પુરવનું સાર. ૪

જન્માંતર જાતા, જો પામે નવકાર,
તો પાતીક ગાળી, પામે સુર અવતાર,
એ નવપદ સરીખો, મંત્રન કો સંસાર,
ઇહ ભવને પરભવે, સુખ સંપત્તી દાતાર. ૫

જુઓ ભીલ ભીલડી, રાજા રાણી થાય,
નવપદ મહીમાથી, રાજસીંહ મહારાય,
રાણી રત્નવતી બેહુ, પાચ્યા છે સુરભોગ,
એક ભવ પછી લેશે, શિવ વધુ સંજોગ ૬

શ્રીમતી ને એ વળી, મંત્ર ફળ્યો તતકાળ,
ફણીધર ફીટીને, પ્રગટ થઈ કુલમાળ,
શીવકુમરે જાગી, સોવન પુરૂષો કીધ,
એમ એણે મંત્રે, કાજ ઘણાના સિદ્ધ. ૭

એ દશ અધિકારે, વિર જીનેશ્વર ભાંખ્યો,
આરાધન કેરો, વિધી જેને ચિત્તમાં રાખ્યો
તેને પાપ પખાળી, ભવ ભય દૂરે નાખ્યો,
જીન વિનય કહતા, સુમતી અમૃતરસ ચાખ્યો ૮

ઢાળ ૮ મી

સિદ્ધારથ રાય કુળતીલોએ, ત્રીશલા માત મલ્હારતો,
અવની તળે તમે અવતર્યા એ કરવા અમ ઉપકાર
જયો જિન વિરજીએ૦ ૧

મેં અપરાધ કર્યા ઘણાએ, કહેતાં ન લહું પાર તો;
તુમ ચરણે આવ્યા ભણીએ, જો તારે તો તાર જયો૦ ૨

આશ કરીને આવીયો એ, તુમ ચરણે મહારાજતો,
આવ્યાને ઉવેખશો એ, તો કેમ રહેશે લાજ. જયો૦ ૩

કરમ અલુજણ આકરાંએ, જનમ મરણ જંજાળતો
હું છું એહથી ઉભગ્યોએ, છોડવ દેવ દયાળ જયો૦ ૪

આજ મનોરથ મુજ ફળ્યાએ, નાઠાં દુઃખ દંદોળતો;
તુઠયો જિન ચોવીશમોએ, પ્રગટયાં પુન્ય કલોલ જયો૦ ૫

ભવભવ વિનય તુમારડોએ, ભાવ ભક્તિ તુમ પાયતો
દેવ દયા કરી દીજિએએ, બોધ બીજ સુપસાય જયાં૦ ૬

કળશ.

ઇય તરણ તારણ સુગતિ કારણ, દુઃખ નિવારણ જગ જયો;
શ્રી વીર જીનવર ચરણ થુણતાં, અધિક મન ઉલ્લટ થયો૦ ૧
શ્રી વિજય દેવ સૂરીંદ પટધર, તીરથ જંગમ ઇણે જગે,
તપગચ્છપતિ શ્રી વિજય પ્રભુસૂરિ, સૂરિતે જે ઝગમગે૦ ૨
શ્રી હીરવિજય સૂરિ શિષ્ય વાચક, કિર્તી વિજય સુર ગુરૂસમો,
તસ શિષ્ય વાચક વિનય વિજયે, થુણ્યો જીન ચોવીસમો. ૩
સય સત્તર સંવત ઓગણત્રીશે, રહી રાંદેર ચોમાશુરે.
વિજય દશમી વિજય કારણ, કિયો ગુણ અભ્યાસ એ૦ ૪
નરભવ આરાધન સિદ્ધી સાધન, સુકૃત લીલ વિલાસએ,
નિર્જરા હેતે સ્તવન રચીયું, નામે પુન્ય પ્રકાશ એ૦ ૫

૧ લી આરતી.

જય જય આરતી આદી જીણંદા, નાભી રાયા મારૂદેવી કુનંદા જય૦
પહેલી આરતી પૂજા કીધે, નરભવ પામીને લાવો લીજે જય૦
દુસરી આરતિ દિન દયાળા, ધુલેવા મંડપમાં જગ અજુવાથાય જય૦

તીસરી આરતી ત્રીભુવન દેવા, સુરનર ઇંદ્ર કરે તારી સેવા જય૦
ચોથી આરતી ચઉગતી ચુરે, મનવાંછીત ફળ શિવ સુખ પેરે જય૦
પાંચમી આરતી પુન્ય ઉપાયા, મુળચંદે ઋષભ ગુણગાયા જય૦

૨ જી આરતી.

અપછરા કરતી આરતી જીન આગે, હાંરે જીન આગેરે (૨)
હાંરે એતો અવિચળ સુખડાં માગે, હાંરે નાભી નંદન બાળ અપ૦
તા થેઈ નાટક નાચતી પાય ધમકે, હાંરે દોય ચરણે ઝાંઝરઝમકે
હાંરે સોવન મય ઘુઘરી ઘમકે, હાંરે લેતી કુદડી બાળ અપ૦
તાલ મૃદંગને વાંસળી ડફ વીણા, હાંરે રૂડા ગાવંતી સ્વર ઝીણા
હાંરે મધુર સુરા સુર નયણાં, હાંરે જોતી મુખડું નિહાળ, અપ૦
ધન્ય મારૂ દેવા માતના તમે જાયા, હાંરે તોરી કંચનવરણી કાયા.
હાંરે મેંતો પુરવ પુન્યે પાયા, હાંરે દેખ્યો તારો દેદાર–અપ૦
પ્રાણજીવન પરમેશ્વર પ્રભુ પ્યારો, હાંરે પ્રભુ સેવક હું છું તુમારો.
હાંરે ભવો ભવના દુઃખડા વારો, હાંરે તુમે દિન દયાળ–અપ૦
સેવક જાણીને આપનો ચીત્ત ધરજો, હાંરે મોરી આપદા સઘળી હરજો,
હાંરે મુની માણેક સુખીયાં કરજો, હાંરે જાણી પોતાનો બાળ –અપ૦

શાંતીનાથની આરતી.

જય જય આરતી શાંતિ તુમારી,
ચરણુ કમલકી મેં જાઉં બલીહારી—જય૦ ૧
વિશ્વસેન અચીરાજી કે નંદા, શાંતીનાથ મુખ પુનમ ચંદા.
જય જય આરતી શાંતિ તુમારી. ૨
ચાલીશ ધનુષ્ય સોવનમય કાયા,
મૃગલંછન પ્રભુ ચરણુ સુહાયા. જય૦ ૩
ચક્રવર્તી પ્રભુ પાંચમા સોહે, સોળમાં જીનવર માંહે,
જય જય આરતી શાંતિ તુમારી. ૪
મંગળ આરતી તો રહી કીજે, જન્મો જન્મનો લ્હાવો લીજે.
જય જય આરતી શાંતિ તુમારી૦ ૫
કરજોડી સેવક ગુણુ ગાવે, સૌ નરનારી અમરપદ પાળે.
જય જય આરતી શાંતિ તુમારી૦ ૬

મંગળ દીવા. ૨

(૧)

દીવોરે દીવો પ્રભુ મંગળીક દીવો.
આરતી ઉતારીને બહુ ચીરંજીવો. દીવો૦ ૧
સોહામણું ઘેર પર્વ દીવાળી, અંબર ખેલે અબળા ભારી,
દીવોરે દીવો પ્રભુ મંગળીક દીવો. ૨
દીપાળ ભણે એણે જગ અજુવાળી,
ભાવે ભગતે વિઘ્નીવારી. દી. ૩

દીપાળ ભણે એણે એકળી કાળે;
આરતી ઉતારી રાજા કુમારપાળે. દી. ૪
અમઘેર મંગળીક, તમ ઘેર મંગળીક,
મંગળીક ચતુર્વીધ સંઘને હોવે દી. ૫

---

(૨)

ચારો મંગળ ચાર આજ મારે, ચારો મંગળ ચાર.
પૂજા ભણાવતી વખતે દુહામાં ઉતરી શકે
તેવા ટુંકા પદ તથા રાગ.

(૧)

આવા શાંતીનાથ મહારાજ બિરાજો બંગલેમેં,
બંગલેમેં કુલવાડીઓ મેરે, શાંતિનાથ.

(૨)

વાજા વાગ્યાં દેરાસર માહીં
વાજા વાગ્યારે વાજા વાગ્યા, મોહન વાજા વાગીયાં,
સહુ સંઘને હરખ અપાર મોહન૦

(૩)

વંદના વંદના વંદનારે જિનરાજ હુ સદા મોરી વંદના;
વંદના પાપની કંદનારે, જીન૦

(૪)

સાદ પડયો જૈન બંધુ જાગજોરે, ઉપરી ચાલા મોઝાર (૨)
આદિ જીનેશ્વર ભેટવા;

હાંરે કરો તીર્થનો ઉદ્ધાર (૨) ઉપરીયાળા તમે આવજો.

(૫)

પ્યારો લાગેરે મુને વ્હાલો લાગે દરિશનમેં
ગંભીરોજી પ્યારો લાગે.

(૬)

પ્યારો શેત્રુંજો મને સાંભળે, ઘડી ઘડી સાંભળે,
પળે પળે સાંભરે, સાંભળે દિવસને રાત હોજી હો. પ્યારો.

(૭)

વાગે છે રે વાગે છે દેરાસરવા વાગે છે;
જેનો નાદ ગગનમાં ગાજે છે—દેરાસર.

(૮)

આશા ભર્યારે અમે આવીયા જીણંદજી, ઉતરવા ભવપાર.
માયા તારી લાગીરે જીણંદજી.
તુજ મુરતી મનોહાર—માયા

(૯)

મેં તો સિદ્ધ સ્વરૂપી સાહિબ ભેટીયારે
મારા હૈડામાં હરખ નમાય—મેં તો.

(૧૦)

તુંહી દેવ સાચો મળીયો, મારે આંગણ સુરતરૂ
ફળીયોરે તુંહિ.

(૧૧)

ગોઢિડા બાર ઉઘાડ, પણ છે પૂજાનું;
પણ છે પૂજાનું ને દિલ છે દેરાનું મકરીશ વાર લગાર૦ ૫

(૧૨)

બલીહારી બલીહારી બલીહારી, જગનાથ હો જાઉં વારી.
શાંતિ જીન શાંતી સેવક દીજીએજી.

(૧૩)

ધન વો જગમાં નરનાર, સિદ્ધા ચલકે જાને વાલે

(૧૪)

આઇ વસન્ત બહારરે, પ્રભુ બેઠે મગનમેં
બેઠે ગગનમેં બેઠે ચમનમેં—આઇ.

(૧૫)

ચંદ્ર પ્રભુજીસેં ધ્યાનરે મોરી લાગી લગનવા.

(૧૬)

શિવ વસીયારે મારે મન વસ્યારે,
દિલ વસીયા મહારાજ, સાહેબ શીવવસીયા

(૧૭)

સંજમ રંગ લાગ્યો, રંગ લાગ્યો તેનો ભવ ભવ ભાંગ્યાં.—સંજમ

(૧૮)

ઉપકારી મહાવીર, અમારા ઉપકારી મહાવીર ઉ૦

(૧૯)

વંદો પદ ત્રિશાલા નંદના પ્રભુ જ્ઞાની મહા ગંભીરતા—વંદો.

(૨૦)

આજનો લાહો લીજીએરે, કાલ કોને દીઠી છે
અવસરીયા વહી જાય છે રે, કાલ—

(૨૧)

ડંક વાગ્યો ને સંઘ ઉપડયો, કેસરયા વાલા,
જઈ ચડયો ગઢ ગીરનાર, ઝરમરીયા ઝાલા-ડંકો.

(૨૨)

મહાવીર તોરા સમોવસરણ કીજે.

(૨૩)

તુમે વહેલા વહેલા ચાલો, તુમે હળવે હળવે ચાલો,
વિમળગીરી ભેટવા હોજી.

(૨૪)

નીરંજન સાહિબારે સાંઇ મેરા ટુકસા મુજરા લે.
રૂમરૂમ રૂમઝુમ મેહુલા વરસે. કરટી નાટારંભ. નીરંજન.

(૨૫)

આવ્યા છીએ આશા ભર્યારે.
પ્રભુજી અમે આવ્યા છીએ આશા ભર્યારે.

(૨૬)

રૂડાં પર્વ પજુષણ આવીયા, કરો ધર્મ સહુ નરનાર
સર્વ પર્વમાં ઉત્તમ જાણીએ, એનો શાસ્ત્રે મહીમા અપાર.

(૨૭)

સિદ્ધાચળે જોઉરે, મોતીડા વધાવુંરે, દાદા સુણો
વીનતી હોજી.

(૨૮)

લાવે લાવે મોતીશા શેઠ નવણ અળ લાવેરે

(૨૯)

ત્રિશલાનો જાયો મહાવીરરે, સમરૂં જીનવાણી.

(૩૦)

હવે મને પ્રભુ નામથી નેહ લાગ્યો.

(૩૧)

પ્રભુ વીર જીણંદ જયકારી, જેને તાર્યા નરને નારીરે

(૩૨)

મલ્લિ જીણંદા, છો સુખકંદા, કષ્ટ હમારા કાપોને,
મહેર કરી મહારાજ અમોને, સહાય તમારી આપોને.

અથ શ્રી ગૌતમ સ્વામીનો છંદ.

વીર જીણેશ્વર કેરો શિષ્ય, ગૌતમનામ જપો નિશદિન,
જો કીજે ગૌતમનું ધ્યાન, તો ઘર વિલશે નવે નિધાન. ૧

ગૌતમ નામે ગિરવર ચડે, મનવંછિત હેલા સંપડે.
ગૌતમ નામે નાવે રોગ, ગૌતમ નામે સર્વ સંજોગ. ૨

જે બૈરી વિરૂઆ વકડા, તસનામે નાવે ટુકડા.
ભૂત પ્રેત નવિ મંડે પ્રાણ, તે ગૌતમના કરૂં વખાણ. ૩

ગૌતમ નામે નિર્મળ કાય, ગૌતમ નામે વાધે આય,
ગૌતમ જિનશાસન શણગાર, ગૌતમ નામે જયજયકાર. ૪

શાળ દાળ સુરહા ધ્રુત ગોળ, મનવાંછીત કાપડ તંબોળ.
ઘર સુઘરણી નીર્મળ ચીત્ત, ગૌતમ નામે પુત્ર વનીત ૫

ગૌતમ ઉગ્યો અવિચળ ભાણ, ગૈતમ નામ જપો જગ જાણ,
મ્હોટા મંદિર મેરૂ સમાન, ગૌતમ નામે સફળ વિહાણ ૬

ઘર મયંગળ ઘોડાની જોડે, વારૂ પહોંચે વંછીત કોડ.
મહિયળ માચે મહોટા રાય, જો ત્રુઠે ગૌતમના પાય ૭

ગૌતમ પ્રણમ્યા પાતક ટળે, ઉત્તમ નરની સંગત મળે,
ગૌતમ નામે નિર્મળ જ્ઞાન; ગૌતમ નામે વાધે વાન ૮

સુતક વિચાર

(૧) પુત્ર જન્મ થયો હોય તો ૧૦ દિન સુતક. ત્યાંસુધી તે ઘરવાળા પૂજન દર્શનાદિ ક્રીયા કરે નહિ.

(૨) પુત્રી જન્મ થયે દિન ૧૨ નું સુતક, સાધુ સાધ્વી સવા મહિના સુધાં તે ઘરથી આહાર લીએ નહિ.

(૩) ગાય, ભેંસ, ઘોડી, બકરી, મેંઢી ઘરમાં પ્રસૂતા હોય તો એક દિન સૂતક, ઘરવાળા પૂજનાદિ ન કરે.

(૪) ભેંસને પાડી અથવા પાડો થયો હોય તો ૧૫ દિવસ દૂધ કલ્પે નહિ એવી રિતે ગાયનું દૂધ ૧૭ દિન કલ્પે નહિ. ને બકરીનું ૮ દીન કલ્પે નહિ.

(૫) પુત્ર અથવા પુત્રી જન્મીને મરણ પામે તો એક દિવસનું સૂતક

(૬) પરદેશથી મૃત્યુના સમાચાર આવે તો એક દિન સુતક

(૭) ગાય ભેંસ આદિના બચ્ચાં મરેલા આપ્યા હોય. તો ઘરથી બહાર કલેવર લઈ જાય ત્યાં સુધી સુતક

(૮) દાસ દાસી, નોકર આદિ આપણે ત્યાં રહેતા હોય અને તેમાંથી કોઈને પુત્ર પ્રસવ થયો હોય, અથવા કોઈનું મૃત્યુ થયું હોગ તો ત્રણ દિવસ સુતક.

(૯) જેટલા મહીનાનો ગર્ભ પડે, તેટલા દિવસનું સુતક

(૧૦)ઘરની અંદર કોઇનું મૃત્યુ થયું હોય તો તે ઘરવાળાને દિન ૧૨ નું સુતક, ત્યાં સુધી પુજન કરે નહિ પણ ત્રણ દિવસ પછી દર્શન પ્રતિક્રમણ વગેરે કરે.

(૧૧)મડદાને ઘરના માણસ ઉપાડનાર ૧૨ દીવસ અને બીજા માણસ ઉપાડનાર ત્રણ દિવસ સૂતક રાખે પુજન ન કરે.

(૧૨)સૂતકને સ્પર્શ કરનાર મનુષ્ય ત્રણ દિવસ પ્રતિક્રમણ કરે નહિ, જો નિયમ હોય તો વગર ઉચ્ચારે બીજાના પાસેથી સાંભળ.

(૧૩) સુતકનેસ્પર્શ કરેલો ન હોય અને સ્મશાને ગયેલ હોય, તો એક દિવસ પ્રતિક્રમણ કરે નહિ

(૧૪)જે સ્ત્રીને પુત્ર પુત્રાદિનો પ્રસવ થયો હોય, તે સ્ત્રી એક એક મહીના સુધી સુતક પાળે ત્યાં સુધી દેવ દર્શન પૂજાદિ ધર્મ ક્રિયા કરે નહિ.

(૧૫)ઋતુવંતી સ્ત્રી બરોબર ત્રણ દિવસ સુધી પૂજન દર્શન, પ્રતિક્રમણ સામાયિક અભ્યાસ આદિ કરે નહી. ઘરની અંદર અનાજ આદિને પણ અડે નહી, મણ ઉપવાસ દિક તપસ્યા ભલે ખુશીથી કરે-

'વચનામૃત'

(૧) સંસારના તમામ પ્રાણીયોને ત્હમારા આત્માની બરાબર જ સમજો.

(૨) સંસારના તમામ મનુષ્યો પ્રત્યે ભ્રાતૃભાવ (ભાઈપણાની) બુદ્ધી રાખો, અને સમસ્ત જીવો માત્ર પ્રાણી–માત્ર પ્રત્યે મૈત્રી રાખો.

(૩) આત્મા પોતે જ પરમાત્મા બની શકે છે.

(૪) તરતાં ન આવડે ત્યાં સુધી ગૃહસ્થાશ્રમના સમુદ્રમાં પડશો નહિં.

(૫) જીવતાં છતાં મરતાં આવડે તો વારંવાર મરવું જ ન પડે.

(૬) ઉકરડા જેવા અંતઃકરણમાં પરમાત્માને બોલાવવા પ્રયત્ન કરવો એ નિષ્ફળ અને અયોગ્ય છે એમ સમજી પ્રભુના સ્મરણ પહેલાં અંતઃકરણને સાફ કરી શણગારો.

(૭) પોતાના ગુણો ગાવા કે ગવરાવવા કરતાં ગુણો પ્રગટાવવાનો પ્રબળ પ્રયત્ન કરવો. એ જરૂરનું છે, કે જેનાથી પોતાની મેળેજ તે સુંદર સુવાસ પ્રસરે.

(૮) આત્મિક ઉદય માટે અસંતોષી રહેવું, અને વિઝયાસકિતમાં સંતોષી રહેવું.

(૯) જે વાંચો, જે સાંભળો, અને જે જુઓ, તેમાંથી સારને પકડી લેવ નો અને નિઃસાર તે તજી દેવાનો અભ્યાસ રાખો.

(૧૦) જગવલ્લભ થવું હોય તો અમીની દૃષ્ટિથી જોતાં શીખો.

પરમાત્મા મહાવીરનો સંદેશ !!!

"પ્રેમ અને શૌર્ય જગતને જીતશે, અને જીતાડશે. અહંકાર દૂર કર, અને તારા પોતાના આત્માને ઓળખ. દયા, સત્ય, બ્રહ્મચર્ય અ-સ્તેય અને મૂર્છાત્યાગ એ પાંચ વ્રતોનું પાલન કર.

વાસનાઓને નિર્મુળ કર.

અજ્ઞાનરૂપી અંધકારમાં અથડાતા સર્વ જીવોને જ્ઞાનનો પ્રકાશ પુરો પાડ.

ગરીબાઇને લીધે રોટલીનો ટુકડો મેળવવા કમનસીબ તારા ભાઈઓને મદદ કર. રોગથી ખરડાએલા તારા બંધુઓને હૃદયથી આલીંગત કર, અને તેમનું દુઃખ નિર્મળ કરવા તન, મન, અને ધનનો સદુપયોગ કર. પ્રાણાન્તે પણ ન્યાય, અને નીતિના માર્ગમાંથી એક ડગલું પણ ના ખસ.

સમગ્ર જીવોના તરફ પ્રેમ રાખ, અને દુશ્મનના તરફ પણ સ્નેહની મીઠી નજરથી જો."

શ્રી જૈન સ્વયંસેવક મંડળ

વીરમગામ

સ્થાપીત સં. ૧૯૨૬

(દોહરો.)

કીસકા ધર્મ હો કોઈ, અમારા ધર્મ સેવાકા,
કીસીકા કર્મ હો કોઈ, અમારા કર્મ સેવાકા.

હમારો મુદ્રાલેખ–શાસન સેવા.

આદર મળો કે ના મળો, અમને કશી પરવા નથી,
ત્યમ ફળ મળો કે ના મળો, તે જાણુવા ઇચ્છા નથી;
કર્તવ્ય કરવા જન્મ આ, દિન રાત તેમાં શી રહી,
ઋણમુકત વિશ્વથકી થવા, કર્તવ્ય કરવું છે સહિ.

મંડળના ઉદ્દેશો.

(૧) શાશનની સેવા કરવી.

(૨) જીવદયા સંબંધી યોગ્ય પ્રચાર કરવો.

(૩) સંપ અને ભ્રાતૃભાવની વૃદ્ધિ કરવી.

(૪) માંદાની માવજત ખાતાને સારા પાયા ઉપર લાવી. તેનો લાભ જનસમાજને આપવો.

(૫) પર્યુષણાદિ પર્વાજમાં પ્રભુની શુદ્ધ ભાવે ભાવના ભાવવી, તેમજ પૂજા આદિ ધર્મક્રીયાઓ ગાનતાનના યોગ્ય સાધનો વડે પદ્ધતિસર ભણાવવી.

આજે આ સંસ્થા પાંચ વર્ષ થયા, સામાજીક સેવાના કાર્યોજ કરી, પોતાનો સેવાભાવ બજાવી રહ્યાં છે. અને પોતાના ધ્યેયને વળગી રહી જૈનસમાજને પોતાની સેવા અર્પવા સદા પોતાનાથી બનતું કરી રહી છે.

માંદાની માવજત—મંદવાડ પ્રસંગે જોઇતી ચીજો, જેવી કે થરમામીટર, શેક કરવાની રબરની કોથળી, જાજરૂના ટબ, પેસાબની બરફની રબરની કોથળી, ફીડીંગ કપ, નારંગીનો રસ કાઢવાના સંચા ચીણીયા, દુધ પીવાના કપ, ચેષ્ટ પંપ, વીગેરે ડીપોઝીટ લઇ આપવામાં આવે છે. અને ચીજ પાછી આપવા આવે તે વખતે લીધેલી ડીપોઝીટ પાછી આપવામાં આવે છે માંદાની માવજતની ચીજોનું કાંઇ પણ ભાડુ લેવામાં આવતું નથી.

જીવદયા—જીવદયા સંબંધી, આ મંડળ પોતાનાથી બની શકે તેટલો આત્મભોગ આપી, તેનો પ્રચાર કરી રહ્યાં છે.

સેવા—મંડળની કોઇપણ જાતની સેવા ઇચ્છનારે સંઘ મેળાવડો, ઉત્સવ, સામૈયું, તેમજ વરઘોડા, વીગેરેની ખબર અગાઉથી મંડળની ઓફીસે લેખીત આમંત્રણ આપવાથી યોગ્ય અમલ કરવામાં આવશે. જમણવાર વીગેરે કાર્યોમાં મંડળની સ્હાય ઇચ્છનાર સદ્‌ગૃહસ્થે મંડળના ધારા મુજબ ખાદીના તેમજ પુઠાના ઓડઝ વીગેરેના ભાડા બદલ રૂા. ૧–૪–૦ આપવો પડશે.

મુદ્રણસ્થાન : વસંત મુદ્રણાલય
મુદ્રક : ચીમનલાલ ઈશ્વરલાલ મ્હેતા
ઘીકાંટા રોડ : : અમદાવાદ.